સ્પર્ધાત્મક પરીક્ષના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 22

[23/05/21 to 29/05/21]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



# GPSC / STI / PI

## MAINS BATCH

RECORDED BATCH

NEW BATCH START 7 JUNE 2021

ICEની અનુભવી તથા તજજ્ઞ ટીમ દ્વારા સંપૂર્ણ ગાઈડન્સ આપવામાં આવશે.

વધુ માહિતી માટે
Helpline No. 9328001110

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**23 MAY-2021**

- દિવસ મહિમા : 23 મે, વિશ્વ કાચબા દિવસ (World Turtle Day) ..... 02
- વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની અસ્થાયી સૂચિમાં ભારતના છ સ્થળોનો સમાવેશ ..... 02
- શ્રી નરેન્દ્ર બત્રા ફરી FIHના અધ્યક્ષ તરીકે ચૂંટાયા ..... 05
- QUESTION ANSWERS ..... 06

**24 MAY-2021**

- ગુજરાતના રાજ્યપાલશ્રી એ 'ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2021'ને મંજૂરી આપી ..... 07
- બ્રિક્સ ખગોળ વિજ્ઞાન કાર્ય-સમૂહ (BAWG)ની બેઠક ..... 07
- ફાઈઝર-બાયોએનટેક (pFizer-BioNtech) ગરીબ દેશોને 2 અબજ COVID-19 રસી પ્રદાન કરશે ..... 08
- વાઈપર (VIPER) રોવર ચંદ્ર પરના સંસાધનોની શોધ કરશે ..... 09
- QUESTION ANSWERS ..... 11

**25 MAY-2021**

- દિવસ મહિમા : 25 મે, (1) વિશ્વ થાઈરોઈડ દિવસ (2) ગુમ થયેલા બાળકો માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ..... 12
- COP-28 ..... 12
- કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ 74મી 'વિશ્વ સ્વાસ્થ્ય સભા'ની અધ્યક્ષતા કરી ..... 13
- India Bioversity Awards-2021 ..... 14
- પરમાણુ ઉર્જા આયોગના પૂર્વ અધ્યક્ષ શ્રીકુમાર બેનર્જીનું નિધન ..... 14
- QUESTION ANSWERS ..... 15

**26 MAY-2021**

- નાણાકીય વર્ષ 2020-21માં FDI માં 10 ટકાનો વધારો ..... 16
- GI ટેગ પ્રાપ્ત મહારાષ્ટ્રના ઘોલવાડ સપોટા (ચીકુ) અને બિહારની શાહી લીચીની વિદેશમાં નિકાસ ..... 17
- MCA 21 સંસ્કરણ 3.0 ..... 18
- મેકેદાતુ ડેમ પ્રોજેક્ટ ..... 18
- QUESTION ANSWERS ..... 20

**27 MAY-2021**

- દિવસ મહિમા : 27 મે, શ્રી જવાહરલાલ નહેરુ પુણ્યતિથિ ..... 21
- CBI ના નવા ડિરેક્ટર તરીકે શ્રી સુબોધ જયસ્વાલની નિમણૂક ..... 21
- વેસાક સમારોહ ..... 22
- શ્રી અમર્ત્ય સેનને સામાજિક વિજ્ઞાનમાં સ્પેનનો સર્વોચ્ચ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો ..... 24
- આસામના મુખ્યમંત્રીશ્રી એ 'Guardian Ministers'ની નિમણૂક કરી ..... 25
- QUESTION ANSWERS ..... 26

**28 MAY-2021**

- દિવસ મહિમા : 28 મે, (1) વિશ્વ ભૂખ દિવસ (2) વિશ્વ ડુગોંગ દિવસ ..... 27
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તૌકતે ચક્રવાતથી અસરગ્રસ્ત ખેડૂતો માટે રૂ. 500 કરોડના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી ..... 27
- RAW અને IB ના વડાઓનો કાર્યકાળ એક વર્ષ લંબાવવામાં આવ્યો ..... 28
- શ્રી બશર અલ-અસદ સતત ચોથી ટર્મ માટે સીરિયાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા ..... 29
- QUESTION ANSWERS ..... 30

**29 MAY-2021**

- દિવસ મહિમા : 29 મે ..... 31
- મુદ્રા વિનિમય સુવિધા : બાંગ્લાદેશ - શ્રીલંકા ..... 31
- ઈઝરાયલ અને પેલેસ્ટાઈન પ્રદેશો માટે સ્થાયી આયોગ ..... 33
- IBFનું નામ બદલીને IBDF રાખવામાં આવશે ..... 34
- QUESTION ANSWERS ..... 35

**ONE LINER** ..... 36

**QUESTION OF THIS WEEK** ..... 41



ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 મે, વિશ્વ કાચબા દિવસ (World Turtle Day)

23 મેના રોજ દર વર્ષે 'વિશ્વ કાચબા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ લોકોને કાચબા અને તેના રહેઠાણ વિશે જાગૃત કરવાનો છે.
- વર્ષ 2000 થી દર વર્ષે એક અમેરિકન બિન–લાભાકારી સંગઠન 'અમેરિકન ટારટાઈઝ રેસ્ક્યું' (ATR) દ્વારા વિશ્વ કાચબા દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ સંસ્થાની સ્થાપના વર્ષ 1990માં કરવામાં આવી હતી.
- વર્ષ 2021માં 'વિશ્વ કાચબા દિવસ'ની 21મી વર્ષગાંઠ છે.
- સમગ્ર વિશ્વમાં કાચબાઓની 300 પ્રજાતિઓ છે, જેમાંથી 129 પ્રજાતિઓ જોખમમાં છે.

## વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની અસ્થાયી સૂચિમાં ભારતના છ સ્થળોનો સમાવેશ

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી શ્રી પ્રહલાદ પટેલે તાજેતરમાં જાહેરાત કરી હતી કે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની અસ્થાયી સૂચિમાં ભારતના છ સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- આ સ્થળોની ભલામણ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (Archaeological Survey of India) દ્વારા કરવામાં આવી હતી.

### અસ્થાયી સૂચિ

યુનેસ્કોની સંચાલન માટેની માર્ગદર્શિકા (Operational Guidelines), 2019 અનુસાર કોઈપણ સ્મારક અથવા સ્થળને 'વિશ્વ વિરાસત સ્થળ' (World Heritage Site)ની સૂચિમાં અંતિમ રૂપથી શામેલ કરતા પહેલા તેમને એક વર્ષ અસ્થાયી સૂચિમાં રાખવું જરૂરી છે.

- એકવાર નામની નોંધણી થયા પછી તેને 'વર્લ્ડ હેરિટેજ સેન્ટર'માં મોકલવામાં આવે છે.
- વર્તમાનમાં ભારતની કુલ 48 સાઈટ્સને અસ્થાયી સૂચિમાં શામેલ કરવામાં આવી છે.


### અસ્થાયી સૂચિમાં સમાવિષ્ટ છ સ્થળો

- વર્લ્ડ હેરિટેજ સાઈટની અસ્થાયી સૂચિમાં નીચેના સ્થળોનો સમાવેશ કર્યો છે.

### સાતપુડા ટાઈગર રિઝર્વ (મધ્યપ્રદેશ)


સાતપુડા ટાઈગર રિઝર્વ મધ્યપ્રદેશના હોશંગાબાદ જિલ્લામાં સ્થિત છે.

- સાતપુડા ટાઈગર રિઝર્વમાં સરીસૃપ સહીત હિમાલય ક્ષેત્રની 26 પ્રજાતિઓ અને નીલગિરિ ક્ષેત્રની 42 પ્રજાતિઓનું રહેઠાણ છે.
- અહીં વાઘની સૌથી વધુ વસતી જોવા મળે છે તથા આ ક્ષેત્રને વાઘ આરક્ષિત ક્ષેત્ર' તરીકે જાહેર કરાયેલું છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વારાણસીનો ઘાટ (ઉત્તરપ્રદેશ)



વારાણસીમાં ગંગા નદીના કિનારે ઘણા સુંદર ઘાટ બનાવવામાં આવ્યા છે.

- વારાણસીમાં ગંગા નદીના કિનારે કુલ 88 ઘાટ આવેલા છે.
- આ ઘાટ 14મી સદીના છે પરંતુ મોટાભાગના ઘાટ 18મી સદીમાં મરાઠા શાસકોની મદદથી ફરીથી બનાવવામાં આવ્યા હતા.
- આ ઘાટોનું હિન્દુ પૌરાણિક કથાઓમાં વિશેષ મહત્વ છે.

## હાયર બેનાકલ મેગાલિથિક સાઈટ (કર્ણાટક)



હાયર બેનાકલ મેગાલિથિક સાઈટ (Hire Benakal Megalithic Site) કર્ણાટક આવેલી છે.

- મેગાલિથિક સાઈટ એક વિશાળ પ્રાગૈતિહાસિક પથ્થર છે. જેનો ઉપયોગ કોઈ સ્મારક અથવા સંરચનાના નિર્માણ  માટે કરવામાં આવે છે.
- તે આશરે 2800 વર્ષ જુની પ્રાગૈતિહાસિક મેગાલિથિક વસાહતોમાંથી એક છે, જ્યાં કેટલાક અંતિમવિધિ સ્મારકો વર્તમાનમાં પણ અસ્તિત્વમાં છે.


## મરાઠા સૈન્ય વસ્તુકલા (મહારાષ્ટ્ર)



મહારાષ્ટ્રમાં વિવિધ યુગના અસંખ્ય કિલ્લાઓ આવેલ છે. જેમાં 17મી સદીમાં છત્રપતિ શિવાજી મહારાજના  સમયથી મુખ્ય 12 કિલ્લા આવેલ છે.

- જેમાં શિવનેરી, રાયગઢ, તોરણ, રાજગઢ, સાલ્હેર–મુલ્હેર, પન્હાલા, પ્રતાપગઢ, લોહાગઢ, સિંધુદુર્ગ, પદ્મદુર્ગ,  વિજયદુર્ગ અને કોલાબાનો સમાવેશ થાય છે.

## નર્મદા ખીણના ભેડાઘાટ-લમેતાઘાટ (મધ્યપ્રદેશ)



નર્મદા ખીણમાં આવેલ ભેડાઘાટ (ભેદાઘાટ)–લમેતાઘાટ મધ્યપ્રદેશના જબલપુર ખાતે સ્થિત છે.

- ભારતનું ભવ્ય ખીણ તરીકે ઓળખાતું ભેડાઘાટ (ભેદાઘાટ) જબલપુર જિલ્લાનું એક શહેર છે.
- નર્મદા નદીના બંને કાઠે સો ફૂટની આરસની ખડકો અને તેના વિવિધ સ્વરૂપો ભેડાઘાટની લાક્ષણિકતા છે.
- નર્મદા ખીણમાં ખાસ કરીને ભેડાઘાટ–લમેતાઘાટ વિસ્તારમાં અસંખ્ય ડાયનાસોરના અવશેષ મળી આવ્યા છે.
- નર્મદા નદી આરસના પથ્થરોમાંથી પસાર થાય છે અને છેલ્લે ધોધ સ્વરૂપે નીચે પડે છે. જેને ધુઆધાંર ધોધ તરીકે  ઓળખવામાં આવે છે.

## કાંચીપુરમના મંદિરો (તમિલનાડુ)



કાંચિપુરમ તેની આધ્યાત્મિકતા, શાંતિ અને રેશમ માટે જાણીતુ છે.

- તે વેગાવતી નદીના કિનારે આવેલું છે.
- આ ઐતિહાસિક શહેરમાં એક વખત 1000 મંદિરો હતા જેમાંથી ફક્ત 126 મંદિર વર્તમાનમાં છે.
- કાંચીપુરમને પલ્લવ રાજવશે 6 થી 7 મી સદીની વચ્ચે તેમની રાજધાની બનાવી હતી.
- આ મંદિરો દ્રવિડ શૈલીઓનું સારૂ ઉદાહરણ છે.

## વર્લ્ડ હેરિટેજ સાઈટ

યુનેસ્કોની 'વિશ્વ વિરાસત સૂચી' (World Heritage List)માં વિવિધ ક્ષેત્રો અથવા સ્થળોને અંકિત કરવામાં આવે છે. આ સૂચી યુનેસ્કો દ્વારા વર્ષ 1972માં સ્વીકારવામાં આવેલી 'વિશ્વ સાંસ્કૃતિક અને પ્રાકૃતિક ધરોહરોના સંરક્ષણ સંબંધિત કન્વેંશન' નામની એક આંતરરાષ્ટ્રીય સંધીમાં ઉલ્લેખિત છે.

- વર્લ્ડ હેરિટેજ સેન્ટર વર્ષ 1972માં યોજાયેલ અધિવેશનું સચિવાલય છે.
- તે વિશ્વભરમાં બાકી સાર્વત્રિક મૂલ્યોની પ્રાકૃતિક અને સાંસ્કૃતિક સ્થળોના સંરક્ષણને પ્રોત્સાહન આપે છે.
- તેમાં ત્રણ પ્રકારના સ્થળોનો સમાવેશ થાય છે. સાંસ્કૃતિક, પ્રાકૃતિક અને મિશ્ર.
- સાંસ્કૃતિક વિરાસત (Cultural Heritage) : આ સ્થળોમાં ઐતિહાસિક ઈમારત, શહેરની સાઈટ, મહત્વપૂર્ણ પુરાતત્ત્વીય સ્થળો, સ્મારકીય મૂર્તિકલા અને ચિત્રકામનો સમાવેશ થાય છે.
- પ્રાકૃતિક વિરાસત (Natural Heritage) : પ્રાકૃતિક વિરાસતમાં પારિસ્થિતિક અને વિકાસવાદી પ્રક્રિયાઓ, અનન્ય કુદરતી ઘટના, દુર્લભ અથવા જોખમમાં મુકેલી પ્રજાતિઓનું નિવાસ સ્થાન વગેરેનો સમાવેશ થાય છે.
- મિશ્ર વિરાસત (Mixced Heritage) : મિશ્ર વિરાસત સ્થળોમાં પ્રાકૃતિક અને સાંસ્કૃતિક એમ બંને પ્રકારના મહત્વપૂર્ણ તત્વનો સમાવેશ થાય છે.
- યુનેસ્કો દ્વારા માન્ય ભારતની કુલ 38 વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. જેમાં 30 સાંસ્કૃતિક, 7 પ્રાકૃતિક અને 1 મિશ્ર છે.

નોંધ : (1) વર્લ્ડ હેરિટેજ સાઈટની સંખ્યાની બાબતમાં સમગ્ર વિશ્વમાં ભારત છટ્ઠા નંબરે છે.


(2) યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ પામનાર ભારતની પ્રથમ સાઈટ અંજતાની ગુફાઓ (મહારાષ્ટ્ર, 1983) છે.

## ભારતની 38 વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ પામેલી ગુજરાતની ત્રણ સાઈટો

| ક્રમ | સાઈટ | ક્યારે સમાવેશ | કયા ક્રમે સમાવેશ | સ્થળ |
|---|---|---|---|---|
| 1 | ચાંપાનેર–પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક | 2004 | 26માં | જિલ્લો પંચમહાલ |
| 2 | રાણકી વાવ | 2014 | 31માં | પાટણ |
| 3 | ઐતિહાસિક શહેર અમદાવાદ | 2017 | 36માં | અમદાવાદ |



## શ્રી નરેન્દ્ર બત્રા ફરી FIHના અધ્યક્ષ તરીકે ચૂંટાયા



ભારતના <u>શ્રી નરેન્દ્ર બત્રા</u> (નરિન્દર બત્રા) '<u>ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન</u>' (આંતરરાષ્ટ્રીય હોકી એસોસિએશન)ના અધ્યક્ષ તરીકે ફરી ચૂંટાઈ આવ્યા છે.

- તેમણે બેલ્જિયમના હોકિ ફેડરેશનના પ્રમુખ <u>શ્રી માર્ક કોડ્રોન</u>ને બે મતના ટૂંકા અંતરથી હરાવ્યા હતા.
- શ્રી નરેન્દ્ર બત્રા હાલમાં '<u>ભારતીય ઓલિમ્પિક એસોસિએશન</u>' (IOA)ના અધ્યક્ષ અને '<u>આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ</u>' (IOC)ના સભ્ય પણ છે.
- આ ચૂંટણીમાં શ્રી નરેન્દ્ર બત્રાએ <u>63</u> મત મેળવ્યા હતા. જ્યારે તેમના હરીફ શ્રી માર્ક કોડ્રોનને 61 મતો મળ્યા હતા.
- તેઓ વર્ષ <u>2027</u> સુધી FIHનું અધ્યક્ષ પદ સંભાળશે.
- નોંધનીય છે કે આ ચૂંટણી આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશનની <u>47મી કોંગ્રેસ</u> દરમિયાન ઓનલાઈન યોજાઈ હતી.
- ગયા વર્ષે કોરોના મહામારીના કારણે આ ચૂંટણી સ્થગિત કરવામાં આવી હતી આથી તેમનો કાર્યકાળ 4 વર્ષથી ઘટાડીને ત્રણ વર્ષ કરવામાં આવ્યો છે.

### FIH

<u>આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશન</u> (International Hockey Fedration)ને ટૂંકમાં <u>FIH</u> તરીકે ઓળખવામાં આવે છે.

- આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશન (FIH)ની સ્થાપના <u>7 જાન્યુઆરી, 1924</u>ના રોજ પેરિસ ખાતે કરવામાં આવી હતી.
- FIH આંતરરાષ્ટ્રીય સ્તરે હોકીનું નિયમન કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.
- તેમનું મુખ્ય મથક સ્વિત્ઝર્લેન્ડના <u>લુસાને</u> (લુઝાવ) ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ કાચબા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 19 મે (B) 20 મે (C) 21 મે (D) 23 મે (D)

2. તાજેતરમાં વર્લ્ડ હેરિટેજ સાઈટની અસ્થાયી સૂચીમાં ભારતના કેટલા સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) ત્રણ (B) છ (C) આઠ (D) દસ (B)

3. વર્લ્ડ હેરિટેજ સાઈટની અસ્થાયી સૂચીમાં છ સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેની ભલામણ ......... એ કરી હતી.

(A) ભારતનું પર્યટન અને સંસ્કૃતિ મંત્રાલય (B) ભારતીય પુરાતત્વ વિભાગ

(C) મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ રાજ્ય સરકાર (D) ભારતના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય (B)

4. તાજેતરમાં વર્લ્ડ હેરિટેજ સાઈટની સૂચીમાં સમાવિષ્ટ 'સાતપુડા ટાઈગર રિઝર્વ' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) મધ્યપ્રદેશ (B) મહારાષ્ટ્ર (C) પ.બંગાળ (D) કેરળ (A)

5. તાજેતરમાં વર્લ્ડ હેરિટેજ સાઈટની અસ્થાયી સૂચીમાં સમાવિષ્ટ 'હાયર બેનાકલા મેગાલિથિક સાઈટ' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) તમિલનાડુ (B) તેલંગાણા (C) કર્ણાટક (D) મધ્યપ્રદેશ (C)

6. તાજેતરમાં વર્લ્ડ હેરિટેજ સાઈટની અસ્થાયી સૂચીમાં 'ભેડાઘાટ–લમેતાઘાટ'નો સમાવેશ થયો છે જે........... રાજ્યમાં સ્થિત છે.

(A) તમિલનાડુ (B) મધ્યપ્રદેશ (C) જમ્મુ–કાશ્મીર (D) આસામ (B)

7. તાજેતરમાં 'ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન' (FIH)ના અધ્યક્ષ પદે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી નરેન્દ્ર બત્રા (B) શ્રી મહેન્દ્ર બત્રા (C) શ્રી સંદીપ બત્રા (D) શ્રી માર્ક કેડ્રોન (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતના રાજ્યપાલશ્રી એ 'ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2021'ને મંજૂરી આપી

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે 'ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2021' (Gujrat Freedom of Religion (Amendment) Bill, 2021)ને મંજૂરી આપી દીધી છે.

- આ બિલની સાથે અન્ય 7 બિલની પણ મંજૂરી આપવામાં આવી છે.
- આ બીલ માર્ચ, 2021માં રાજ્યમાં વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન પસાર કરવામાં આવ્યું હતું.

### ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2021ની મુખ્ય જોગવાઈઓ

ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2003માં કેટલાક સુધારા કરતા આ બિલમાં 'લગ્ન' સંબંધિત બાબત પર ભાર મુકવામાં આવ્યો છે.

- આ સુધારા અંતર્ગત રોકડ કે અન્ય ભેટ, લાભ કે સારી જીવનશૈલીની લાલચે લગ્ન કરી સ્ત્રીનું ધર્માંતરણ કરાવાય તો તેને ગુનો ગણવામાં આવશે.
- આ સુધારા અંતર્ગત ખોટી રજૂઆતો અથવા છેતરપિંડી ઉપરાંત ખોટા કામ, ખોટી અટક, ખોટા ધાર્મિક ચિહ્નો ધારણ કરી લગ્ન કરી ધર્માંતરણ કરાવવામાં આવે તો તેને 'કપટયુક્ત સાધનો'થી થયેલુ ધર્માંતરણ ગણવામાં આવશે. અને તેમને ગુનો ગણવામાં આવશે.
- આ સુધારા અંતર્ગત ધર્મપરિવર્તનના હેતુથી લગ્ન કરનાર, લગ્ન કરાવવામાં સક્ષમ બનાવનાર, સહાય કરનાર, સલાહ આપનાર, કે આમ કરવા સંમત કરનાર દરેક વ્યક્તિને આરોપી ગણવામાં આવશે.
- નવા સુધારામાં ગુનેગાર માટે ત્રણ વર્ષથી ઓછી નહીં પરંતુ પાંચ વર્ષ સુધીની જેલની સજા અને બે લાખથી ઓછો નહીં તેટલા દંડની જોગવાઈ કરવામાં આવી છે.
- જ્યારે સગીર સાથેના ગુનામાં 7 વર્ષ સુધીની સજા અને રૂ. 3 લાખથી ઓછો નહિ તેટલા દંડની જોગવાઈ કરવામાં આવી છે.
- આ ઉપરાંત, અનુસૂચિત જાતિ, જનજાતિની સ્ત્રી સાથેના ગુનામાં પણ 7 વર્ષ સુધીની કેદની સજા અને રૂ. 3 લાખથી ઓછો નહિ તેટલા દંડની જોગવાઈ કરવામાં આવી છે.
- આવા લગ્ન કરાવનાર સંસ્થા અથવા સંગઠનોના સંચાલકોને પણ 3 થી 10 વર્ષની સજા અને રૂ. 5 લાખનો દંડ થશે.
- આ અંગેના ગુનાની તપાસ જિલ્લા પોલીસ વડા અને DySP કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બ્રિક્સ ખગોળ વિજ્ઞાન કાર્ય-સમૂહ (BAWG)ની બેઠક

તાજેતરમાં ભારતે BRICS 2021 માં વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા તરફ 'BRICS ખગોળ વિજ્ઞાન કાર્ય–સમુહ' (BRICS Astronomy Working Group-BAWG)ની 7 મી બેઠકનું વર્ચ્યુઅલ (Online) આયોજન કર્યુ હતું.

- ઈન્ટર–યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ, પુણે અને ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા આ બેઠકને સંચાલિત કરવામાં આવી હતી.

## BRICS ખગોળ વિજ્ઞાન કાર્ય-સમૂહ (BAWG) વિશે

**BAWG** (બ્રિક્સ એસ્ટ્રોનોમી વર્કિંગ ગ્રુપ)એ **BRICS**ના સદસ્ય દેશોને ખગોળશાસ્ત્રના ક્ષેત્રમાં સહકાર આપવા માટે એક મંચ પ્રદાન કરે છે. અને સાથે સાથે દરેક દેશ દ્વારા કરવામાં આવતા કાર્યના વૈજ્ઞાનિક પરિણામો રજૂ કરવાની ભલામણ કરે છે.

- આ ઉપરાંત સભ્યો દેશોમાં ટેલિસ્કોપ નેટવર્કિંગ અને પ્રાદેશિક નેટવર્ક બનાવવાની ભલામણ કરે છે.
- જ્યારે પણ **BRICS** ભંડોળ એજન્સીઓ દ્વારા ભંડોળની તકોની ઘોષણા કરવામાં આવે છે, ત્યારે તે પ્રોજેક્ટને શરૂ કરવા માટે નાણાકિય સહાય મેળવવામાં મદદ કરે છે.

## BRICS

**BRICS** એ વિશ્વના પાંચ મોટા વિકાસશીલ દેશોનો એક સમૂહ છે.

- **BRICS** દેશોમાં નીચેના દેશોનો સમાવેશ થાય છે.

**B- Brazil**

**R- Russia**

**I- India**

**C- China**

**S- South Africa**

- જેમાંથી ચાર **BRIC** દેશો બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન દ્વારા વર્ષ **2006**માં આ સમૂહની સ્થાપના કરવામાં આવી હતી.
- જેમાં વર્ષ **2010**માં સાઉથ આફ્રિકા પાછળથી સામેલ થયું હતું. આથી હવે તે **BRICS** તરીકે ઓળખાય છે.
- બ્રિક્સ દેશોમાં વિશ્વની આશરે **41** ટકા વસતીનો સમાવેશ થાય છે.
- બ્રિક્સ દેશો દ્વારા જુલાઈ **2014**માં **NDB** એટલે કે **New Development Bank** નામથી એક બેંકની રચના પણ કરવામાં આવી હતી.
- આ બેંકનું વડું મથક ચીનના શાંઘાઈમાં આવેલું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફાઈઝર-બાયોએનટેક (pFizer-BioNtech) ગરીબ દેશોને 2 અબજ COVID-19 રસી પ્રદાન કરશે

વેક્સિન એકતા માટે આંતરરાષ્ટ્રીય વિનંતીને પહોંચી વળવા માટે અમેરિકાની દવા કંપની ‘ફાઈઝર’ **(pFizer)** અને જર્મન કંપની ‘બાયોએનટેક’ **(BioNTech)** આગામી **18** મહિનામાં મધ્યમ આવક અને ઓછી આવક ધરાવતા ગરીબ દેશોને **COVID-19** રસીના **2** અબજ ડોઝ આપવાનું વચન આપ્યું હતું.

- ઈટાલી દ્વારા આયોજિત ગ્લોબલ હેલ્થ સમિટમાં આ જાહેરાત કરવામાં આવી હતી.
- આ બંને કંપનીઓએ પ્રથમ રસી વિકસાવી હતી જેનો ઉપયોગ યુરોપ અને અમેરિકામાં થતો હતો.
- ફાઈઝર–બાયોએનટેકની **COVID-19** રસી ‘કોમિરનાટી’ **(Commirnaty)** બ્રાન્ડ નામ હેઠળ વેચાય છે.
- તે એક **mRNA** આધારિત **COVID-19** રસી છે.

- તે COVID-19 ઉત્પન્ન કરનાર SARS-COV-2 વાયરસ સામે રક્ષણ આપવા માટે 12 વર્ષથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવે છે.

## ફાઈઝર (pFizer)

ફાઈઝર ન્યૂયોર્ક શહેરમાં સ્થાપિત એક અમેરિકન મલ્ટિનેશનલ ફાર્માસ્યુટિકલ કોર્પોરેશન છે.

- ફાઈઝર કંપનીનું નામ તેના સહ– સ્થાપક ચાર્લ્સ ફાઈઝરના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- આ કંપની ઈમ્યુનોલોજી, કાર્ડિયોલોજી, એન્કોલોજી, ન્યુરોલોજી અને એન્ડોક્રિનોલોજી માટે દવાઓ અને રસી વિકસાવે છે અને તેનું નિર્માણ કરે છે.
- તે વિશ્વની સૌથી મોટી ફાર્માસ્યુટિકલ કંપનીઓમાની એક છે.

## BioNTech SE

**BioNTech SE** જર્મનીના મેઈન્ઝ ખાતે સ્થિત એક બાયોટેકનોલોજી કંપની છે.

- તે દર્દી અને વિશિષ્ટ અભિગમો માટે સક્રિય ઈમ્યુનોથેરાપી વિકસાવે છે અને તેનું નિર્માણ કરે છે.
- આ કંપની ની સ્થાપના વર્ષ **2008**માં કરવામાં આવી હતી.

# વાઈપર (VIPER) રોવર ચંદ્ર પરના સંસાધનોની શોધ કરશે

તાજેતરમાં યુ.એસ સ્પેસ એજન્સી નાસા (NASA)એ વર્ષ 2023માં તેમનો પ્રથમ મોબાઈલ રોબોટ ચંદ્ર પર મોકલવાની જાહેરાત કરી છે.

- આ મોબાઈલ રોબટ ચંદ્રની સપાટી અને તેના નીચે બરફ અને અન્ય સંસાધનોની શોધ કરશે.
- આ મોબાઈલ રોબર્ટ 'આર્ટેમિસ કાર્યક્રમ'નો એક ભાગ છે. જે અંતર્ગત 'વાઈપર રોવર' ચંદ્ર પર મોકલવામાં આવશે.
- આ રોવર વૈજ્ઞાનિકોએ પ્રાપ્ત કરેલા ડેટાના આધારે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સંસાધનોના નકશા બનાવવામાં મદદ કરશે.
- જે ભવિષ્યમાં ચંદ્ર સુધીના લાંબા ગાળાના માનવ સંશોધન માટે ખૂબ મહત્વનું છે.
- આ રોવર વિવિધ પ્રકારના વાતાવરણ અને જમીનને શોધવા માટે વિશેષ પધ્ધતિનો ઉપયોગ કરીને ચંદ્રના ખાડાઓનો અભ્યાસ કરશે.

## VIPER

**VIPER**નું પૂરું નામ **'Volatiles Investingating Polar Exploration Rover'** છે.

- આ રોવરને NASA એ ચંદ્રના દક્ષિણ ધ્રુવમાં સંશોધન કરવા માટે વિકસિત કર્યુ છે.
- આ રોવરને નવેમ્બર **2023**માં ચંદ્રની સપાટી પર પહોંચાડવામાં આવશે.
- વાઈપર રોવર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પ્રદેશના કાયમી છાયાવાળા વિસ્તારોમાં સંસાધનો ની શોધ કારશે.
- આ મિશન આગાઉ રદ કરવામાં આવેલ **'Resource Prospector'** પર આધારિત છે.
- આ રોવરને નાસાની **'Commercial Lunar Payload Services'** પહેલના ભાગરૂપે એસ્ટ્રોબોટિકના ગ્રિફન લેન્ડરના માધ્યમથી લઈ જવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) વર્ષ 2008માં NASAએ ચંદ્ર પર પાણી હોવાની પૃષ્ઠિ કરી હતી.

(2) વર્ષ 1959માં સોવિયત સંઘનું Luna 1 અને 2 ચંદ્ર પર જવા માટેનું પ્રથમ માનવરહિત રોવર હતું.

(3) અમેરિકા સિવાય યુરોપિયન સ્પેસ એજન્સી જાપાન, ચીન અને ભારતની સ્પેસ એજન્સીએ પણ ચંદ્રમાં સંશોધન માટે મિશન મોકલ્યા છે.



1. ગુજરાતના રાજ્યપાલશ્રીએ ધર્મ અને લગ્ન સંબંધિત કયા બિલને મંજૂરી આપી છે ?

(A) ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2021

(B) ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2020

(C) ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2019

(D) ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2018 (A)

2. તાજેતરમાં 'BRICS ખગોળ વિજ્ઞાન કાર્ય–સમૂહ' (BAWG)ની બેઠકની અધ્યક્ષતા કયા દેશે કરી હતી ?

(A) ભારત (B) રશિયા (C) બ્રાઝિલ (D) ચીન (A)

3. BRICS દેશોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?

(A) ચીન (B) સાઉથ આફ્રિકા (C) રશિયા (D) બાંગ્લાદેશ (D)

4. કઈ બે દવાની કંપની ગરીબ દેશોને 2 અબજ COVID-19 રસી પ્રદાન કરશે ?

(A) Sunfarma-Lupin (B) pFizer- BioNTech

(C) Intas-cadila (D) Elenmark-Intas (B)

5. ફાઈઝર (Phizer) ________ શહેરમાં સ્થાપિત એક અમેરિકન ફાર્માસ્યુટિકલ કોર્પોરેશન છે.

(A) ટોકિયો (B) વોશિંગ્ટન (C) ન્યુયોર્ક (D) લંડન (C)

6. વાઈપર રોવર ચંદ્ર પરના સંસાધનો અને પાણી–બરફની શોધ કરશે. વાઈપર______દેશનું રોવર છે.

(A) અમેરિકા (B) રશિયા (C) ભારત (D) યુ.કે (A)

7. વાઈપર (VIPER) રોવર વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'Voltiles Investigating Polar Exploration Rover' છે.

2. આ રોવરને NASA એ ચંદ્રના દક્ષિણ ધ્રુવમાં સંશોધન કરવા માટે વિકસિત કરવામાં આવ્યું છે.

3. તે મોબાઈલ રોબર્ટ 'આર્ટેમિસ કાર્યક્રમ'નો એક ભાગ છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 25 મે, (1) વિશ્વ થાઈરોઈડ દિવસ (World Thyroid Day)
## (2) ગુમ થયેલા બાળકો માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Missing Children’s Day)

### વિશ્વ થાઈરોઈડ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 25 મેના રોજ વિશ્વ થાઈરોઈડ દિવસની ઉજવણી કરવામાં આવે છે.




- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ થાઈરોઈડ રોગ અંગે અને તેના ઉપચાર અંગે જાગૃતિ લાવવાનો છે.
- વર્ષ 2008માં આ દિવસની ઉજવણી સૌપ્રથમ ‘અમેરિકન થાઈરોઈડ એસોસિએશન’ અને ‘યુરોપિયન થાઈરોઈડ એસોસિએશન’ દ્વારા કરવામાં આવી હતી.
- નોંધનીય છે કે થાઈરોઈડ ગ્રંથી સૌથી મોટી અંતઃસ્ત્રાવી ગ્રંથીઓમાંની એક છે.
- થાઈરોઈડ ગ્રંથી સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે તેના દ્વારા ઉત્પન્ન થયેલ હોર્મોન શરીરના મહત્વપૂર્ણ કાર્યોને પ્રભાવિત કરે છે.

## COP-28

સંયુક્ત આરબ અમીરાત (UAE)એ વર્ષ 2023માં અબુધાબી ખાતે ‘સંયુક્ત રાષ્ટ્ર આબોહવા પરિવર્તન ટ્રેડમાર્ક સંમેલન’ (United Nations Framework Convention on Climat Change- UNFCCC)ના 'COP-28' યજમાની કરવાની જાહેરાત કરી છે.

- COP-26ને વર્ષ 2020માં સ્થગિત રાખવામાં આવ્યું હતું જે નવેમ્બર 2021માં યુ.કે.ના ગ્લાસગોમાં યોજાશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### UNFCCC વિશે

UNFCCCનું પૂરું નામ 'United Nations Framework Convention on Climate Change' છે.

- વર્ષ 1992માં પર્યાવરણ અને વિકાસ પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલનમાં ‘સંયુક્ત રાષ્ટ્ર આબોહવા પરિવર્તન ફ્રેમવર્ક સંમેલન’ (UNFCCC) પર સહી કરવામાં આવી હતી. જેને પૃથ્વી સમિટ, રિયો સમિટ અથવા રિયો શિખર સંમેલન તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારત એ એવા કેટલાક દેશોમાંનો એક છે કે જેમણે આબોહવા પરિવર્તન (UNFCCC), જૈવ વિવિધતા (જૈવિક વિવિધતા પર સંમેલન), અને ભૂમી (સંયુક્ત રાષ્ટ્ર રણ નિવારણ સંમેલન)ના ત્રણેય રિયો સંમેલનોના COPનું આયોજન કર્યું છે.
- 21 માર્ચ, 1994 થી UNFCCCનો અમલ થયો તથા 197 દેશો દ્વારા માન્યતા આપવામાં આવી.
- UNFCCCનું સચિવાલય સંયુક્ત રાષ્ટ્રનું એકમ છે જે હવામાન પલટાના ખતરા સામે વૈશ્વિક પ્રતિસાદને સમર્થન કરે છે.

## COP

COPનું પૂરું નામ '**Conference of Parties**' છે.

- તે UFCCC સંમેલનની સર્વોચ્ચ સંસ્થા છે.
- દર વર્ષે COPની બેઠક મળે છે, COPની પ્રથમ બેઠક માર્ચ **1995**માં જર્મનીના બર્લિનમાં મળી હતી.
- જો કોઈપણ પક્ષ સત્રની યજમાની ન કરે તો COPનું આયોજન જર્મનીના બોન (સચિવાલય) ખાતે કરવામાં આવે છે.
- COPના અધ્યક્ષ સામન્ય રીતે તેમના દેશના પર્યાવરણ મંત્રી જ હોય છે.

# કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ 74મી 'વિશ્વ સ્વાસ્થ્ય સભા'ની અધ્યક્ષતા કરી

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી અને WHOના કારોબારી મંડળના અધ્યક્ષ શ્રી ડો. હર્ષ વર્ધને 24 મે 2021ના રોજ વર્ચ્યુઅલ સ્થિતિમાં યોજાયેલ 74મી 'વિશ્વ સ્વાસ્થ્ય સભા' (World Health Assembly)ની અધ્યક્ષતા કરી હતી.

- WHOના અધ્યક્ષ શ્રી ડો. ટેડ્રોસ (Dr. Tedros) એ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.
- આ સભામાં બોર્ડે માનસિક સ્વાસ્થ્ય સજ્જતા અને COVID-19 મહામારીને લગતા પ્રતિસાદ અંગેના અહેવાલમાં વિચારણા કરવાની ભલામણ કરી છે.
- તેમાં વર્ષ **2013 થી 2013** સુધીના અપડેટેડ વ્યાપક માનસિક સ્વાસ્થ્ય કાર્ય યોજના (Mental Health Action Plane)ને ટેકો આપવાની ભલામણ પર કરવામાં આવી હતી.

## વિશ્વ સ્વાસ્થ્ય સભા

વિશ્વ સ્વાસ્થ્ય સભા (World Health Assembly) સભ્ય દેશોના પ્રતિનિધિઓની બનેલી હોય છે.

- વિશ્વ સ્વાસ્થ્ય સભાએ WHO ના મુખ્ય નિર્ણય લેતી સંસ્થા છે.
- વિશ્વ સ્વાસ્થ્ય સભા નિયમિત વાર્ષિક સત્રોમાં અને કેટલીક વખત ખાસ સત્રોમાં મળે છે.

## વિશ્વ સ્વાસ્થ્ય સભાના કાર્ય

- વિશ્વ સ્વાસ્થ્ય સભા WHO ની નીતિઓ નક્કી કરે છે.
- તે સંસ્થાની આર્થિક નીતિઓનું નિરીક્ષણ કરે છે. અને બજેટની સમીક્ષા કરે છે. તથા તેને મંજૂરી આપે છે.
- WHO અને સંયુક્ત રાષ્ટ્રની વચ્ચેના કોઈપણ કરારના સંદર્ભમાં 'આર્થિક અને સામાજિક પરિષદ' (Economic and Social Council)ને રિપોર્ટ કરે છે.
- સંસ્થાના કર્મચારીઓ દ્વારા આરોગ્ય ક્ષેત્રે સંશોધનને પ્રોત્સાહન આપવું અને તેને સંચાલિત કરવું.

## WHO

**WHOનું પૂરું નામ 'World Health Organisation' છે.**

- **WHO એ વિશ્વ સ્તરે આરોગ્યની દેખભાળ રાખતી યુનાઈટેડ નેશન્સની એક વિશેષ એજન્સી છે.**
- 7 એપ્રિલ, 1948ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જીનેવા ખાતે આવેલું છે.

**નોંધ : WHOના વર્તમાન અધ્યક્ષ અથવા Director General શ્રી ટેડરોસ અધનમ (Tedros Adhanom) છે.**

## India Biodiversity Awards-2021




તાજેતરમાં 22 મેના રોજ 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ' નિમિતે 'India Biodiversity Award-2021' રજૂ કરવામાં આવ્યા હતા.

- કૃષિ અને ઈકોલોજીકલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (KRAPAVIS)એ 'જૈવિક સંસાધનોનો ટકાઉ ઉપયોગ' કેટેગરી હેઠળ એવોર્ડ મેળવ્યો છે.
- કેરળના 'ટ્યુબર મેન' તરીકે ઓળખાતા શ્રી શાજી. એન.એમ ને 'પાલતું પ્રજાતિઓના સંરક્ષણ'ની વ્યક્તિગત કેટેગરીમાં એવોર્ડ મળ્યો છે.
- નાગાલેન્ડની **Khonoma Nature Conservation & Tragopan Sanctuary** એ 'જૈવિક સંસાધનોનો ટકાઉ ઉપયોગ' કેટેગરી હેઠળ એવોર્ડ મળ્યો હતો.

### India Biodiversity Awards

**India Bioversity Awards** પહેલ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે વર્ષ 2012માં રાષ્ટ્રીય જૈવવિવિધતા સત્તામંડળ અને યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ દ્વારા સંયુક્ત પણે શરૂ કરી હતી.

- તે જૈવવિવિધતા સંરક્ષણ અને જૈવિક સંસાધનોના ટકાઉ ઉપયોગના મોડલોને માન્યતા અને સન્માનિત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

## પરમાણુ ઉર્જા આયોગના પૂર્વ અધ્યક્ષ શ્રીકુમાર બેનર્જીનું નિધન

પરમાણુ વૈજ્ઞાનિક અને પરમાણુ ઉર્જા આયોગ (Atomic Energy Commision)ના પૂર્વ અધ્યક્ષ શ્રીકુમાર બેનર્જીનું 23 મે 2021ના રોજ 75 વર્ષની વયે COVID-19ના કારણે નિધન થયું છે.



- શ્રીકુમાર બેનર્જીનો જન્મ 25 એપ્રિલ, 1946ના રોજ થયો હતો.
- તેઓ ભાભા અણુ સંશોધન કેન્દ્રના ડિરેક્ટર પણ હતા.
- તેઓ IIT ખડકપુરથી ધાતુ વિજ્ઞાનમાં B.TecH પૂરું કર્યા પછી વર્ષ 1968માં ભાભા પરમાણુ સંશોધન કેન્દ્રમાં (BARC) જોડાયા હતા.
- વર્ષ 1974માં BARCમાં કામ કરવા બદલ પી.એચ.ડી પ્રદાન કરવામાં આવી હતી.
- વર્ષ 1989માં 'વિજ્ઞાન અને ટેક્નોલોજી માટે શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- આ ઉપરાંત વર્ષ 2005માં તેમને પદ્મશ્રી પુરસ્કારથી પણ નવાજવામાં આવ્યા હતા.

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે 'વિશ્વ થાઈરોઈડ દિવસ'ની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે ?

(A) 25 મે (B) 26 મે (C) 27 મે (D) 28 મે (A)

2. કયા દિવસે 'ગુમ થયેલા બાળકો માટેના આંતરરાષ્ટ્રીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 23 મે (B) 24 મે (C) 25 મે (D) 26 મે (C)

3. તાજેતરમાં કયા દેશે વર્ષ 2023માં 'COP-28'ની યજમાની કરવાની જાહેરાત કરી હતી ?

(A) યુ.એ.ઈ (B) યુ.એસ.એ (C) સ્વિત્ઝર્લેન્ડ (D) ઓસ્ટ્રેલિયા (A)

4. વર્ષ 2023માં UAEના કયા શહેરમાં 'COP-28'નું આયોજન થશે ?

(A) શારજહા (B) અબુધાબી (C) ફૂજારાહ (D) મસદાર સિટી (B)

5. તાજેતરમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો. હર્ષ વર્ધને કેટલામી 'વિશ્વ સ્વાસ્થ્ય સભા'ની અધ્યક્ષતા કરી હતી ?

(A) 71 (B) 72 (C) 73 (D) 74 (D)

6. India Biodiversity Awards-2021 સંદર્ભે નીચેના પૈકી કઈ વિધાન સાચા છે ?

(A) કૃષિ અને ઈકોલોજીકલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયુટએ 'જૈવિક સંસાધનોનો ટકાઉ' ઉપયોગ કેટેગરીમાં એવોર્ડ મેળવ્યો છે.

(B) શ્રી શાજી એન એમ એ 'પાલતુ પ્રજાતિઓના સંરક્ષણ'ની વ્યક્તિગત કેટેગરીમાં એવોર્ડ મેળવ્યો છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

7. તાજેતરમાં શ્રીકુમાર બેનર્જીનું નિધન થયું છે. તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા ?

(A) સંસ્કૃત અધ્યાપન (B) પરમાણુ ઉર્જા (C) જળ સંશોધન (D) રાજકારણ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાણાકીય વર્ષ 2020-21માં FDI માં 10 ટકાનો વધારો

નાણાકીય વર્ષ 2020-21માં ભારતીય FDI (સિધુ વિદેશી રોકાણ)માં 10 ટકાનો વધારો થયો છે.

- FDI ઈક્વિટી રોકાણ 19 ટકાથી વધીને 60 અબજ ડોલર થયું છે.
- વર્ષ 2019-20માં ભારતે FDIના માધ્યમથી 74.39 અબજ ડોલર મેળવ્યા હતા. જેમાંથી 50 અબજ ડોલર ઈક્વિટી રોકાણના રૂપમાં મેળવ્યા હતા.
- સિંગાપોર તમામ રોકાણોના લગભગ ત્રીજા ભાગ સાથે ટોચના રોકાણકાર તરીકે ઉભરી આવ્યું છે, ત્યારબાદ યુ.એસ. 23 ટકા અને મોરેશિયસ 9 ટકા સાથે છે.
- ટોચના 10 રોકાણકારો દેશોમાં સૌથી ઝડપી વૃધ્ધી સાઉદી અરેબિયાની નોંધાઈ હતી.
- વર્ષ 2019-20ની તુલનામાં વર્ષ 2020-21 દરમિયાન યુ.એસ માંથી FDI–ઈક્વિટીનો પ્રવાહ બમણો કરતા વધારે થયો છે, જ્યારે યુ.કેના રોકાણમાં 44 ટકાનો વધારો થયો છે.
- ગુજરાત નાણાકીય વર્ષ 2020-21માં 37 ટકા વિદેશી રોકાણ સાથે સતત ચોથા વર્ષે ટોચના સ્થાને રહ્યું છે.
- નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ગુજરાતમાં મોટા ભાગનું વિદેશી રોકાણ (FDI) કમ્પ્યુટર અને હાર્ડવેર ક્ષેત્રમાં 94 ટકા જેટલું આવ્યું છે. આ ક્ષેત્રમાં આવેલા કુલ રોકાણમાં એકલા ગુજરાતનો હિસ્સો જ 78% છે.
- આ ક્ષેત્રે આવેલા FDIમાં ગુજરાત પછીના ક્રમે રહેલા રાજ્યોમાં કર્ણાટક 9 ટકા અને દિલ્હી 5 ટકા હિસ્સો ધરાવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### FDI પ્રાપ્ત કરનાર ટોચના રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ

નાણાકીય વર્ષ 2021માં 37 ટકા વિદેશી રોકાણ સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે છે.

- ત્યારબાદ મહારાષ્ટ્ર 27 ટકા અને કર્ણાટકમાં 13 ટકા વિદેશી રોકાણ આવ્યું છે.
- ગુજરાત સરકારની ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી ટ્રાન્સપેરેન્ટ પોલીસી તથા વિવિધ ઈન્સેન્ટીવ્સના પરિણામે દેશ વિદેશના ઉદ્યોગકારો માટે બેસ્ટ ચોઈસ ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે.

### વિદેશી રોકાણ આકર્ષનાર રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ

| ક્રમ | રાજ્ય | FDI કેટલા ટકા |
|---|---|---|
| 1 | ગુજરાત | 37 |
| 2 | મહારાષ્ટ્ર | 27 |
| 3 | કર્ણાટક | 13 |
| 4 | દિલ્હી | 11 |
| 5 | તમિલનાડુ | 4 |
| 6 | ઝારખંડ | 3 |

## FDI

FDIનું પૂરું નામ '**Foreign Direct Investment**' છે. એટલે કે સીધુ (પ્રત્યક્ષ) વિદેશી રોકાણ.

- એક દેશ (મૂળ દેશ)ના વ્યક્તિ અથવા પેઢીનું કોઈપણ રોકાણ બીજા દેશમાં (યજમાન) સ્થિત હોય તેને 'ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ' કહેવામાં આવે છે.
- FDI એ વિદેશી પોર્ટફોલિયો (FPI)થી અલગ છે. FDI કોઈ વિદેશી એકમ ફક્ત કંપનીના સ્ટોક અને બોન્ડ ખરીદી શકે છે. પરતુ FPI રોકાણકારોને વ્યવસાયને નિયંત્રણ કરવાનો અધિકાર મળતો નથી.
- FDI અર્થતંત્રમાં નવી મૂડી અને નવી તકનીક લાવે છે. તથા રોજગારની તકો વધારે છે.
- FDI દેશના પછાત વિસ્તારોને ઔધગિક કેન્દ્રોમાં રૂપાતંરિત કરવામાં મદદ કરે છે. તથા ત્યાં ચોક્કસ ક્ષેત્રના અર્થતંત્રને વેગ આપે છે.

## GI ટેગ પ્રાપ્ત મહારાષ્ટ્રના ઘોલવાડ સપોટા (ચીકુ) અને બિહારની શાહી લીચીની વિદેશમાં નિકાસ

GI ટેગ પ્રાપ્ત મહારાષ્ટ્રના ઘોલવાડ સપોટા (ચીકુ) અને બિહારની શાહી લીચી (Shahi Litchi)ની તાજેતરમાં વિદેશમાં નિકાસ કરવામાં આવી છે. અને તેની માંગમાં પણ વધારો થયો છે.

- દહાનુ ઘોલવાડ સપોટા (ચીકુ)ની મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાંથી યુનાઈટેડ કિંગડમમાં ઘણી નિકાસ કરી છે.
- ચીકુનું ઉત્પાદન કર્ણાટક, ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશમાં સૌથી વધુ થાય છે.
- બિહારની શાહી લીચીને પણ યુનાઈટેડ કિંગ્ડમમાં નિકાસ કરવામાં આવી હતી.
- શાહી લીચી બિહારની કૃષિ પેદાશ છે જેમને વર્ષ 2018માં GI ટેગ મળ્યો હતો.
- 'કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી' (વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય) GI ટેગ ઉત્પાદનોના નિકાસને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- આ અગાઉ, આંધ્રપ્રદેશના કૃષ્ણા અને ચિત્તોડ જિલ્લાના ખેડૂતો દ્વારા ઉત્પાદિત અને GI ટેગ પ્રાપ્ત બંગનાપલ્લી ઓ સુવર્ણરેખા કેરીની નિકાસ દક્ષિણ કોરિયા કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## GI ટેગ શું છે ?

GI ટેગમાં GI નું પૂરું નામ '**Geographical Indication**' છે.

- GI ટેગ એ કોઈ વસ્તુ કે ઉત્પાદનની વિશિષ્ટ ભૌગોલિક ઓળખ દર્શાવે છે.
- GI ટેગ એવી વસ્તુને આપવામાં આવે છે કે જે–

  (1) કોઈ વિશિષ્ટ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતી હોય.

  (2) કોઈ વિશિષ્ટ સ્થળે જ તે જોવા મળતી હોય અથવા તો તે તેનું મૂળ સ્થાન હોય.
- GI ટેગનું રજીસ્ટ્રેશન 10 વર્ષ માટે કરવામાં આવે છે. તયારબાદ તેને રીન્યુ કરવું પડે છે.
- ભારતમાં સૌપ્રથમ પશ્ચિમ બંગાળની દાર્જિલિંગ ચા ને GI ટેગ મળ્યો હતો.

## MCA 21 સંસ્કારણ 3.0

તાજેતરમાં સરકારે તેના ડિજિટલ કોર્પોરેટ પાલન પોર્ટલ **MCA-21** (Ministry of Corporate Affairs) સંસ્કરણ 3.0 ના નવીનતમ અપડેટના પ્રથમ ચરણની શરૂઆત કરી છે.

- જેનાથી ભારતમાં '**Ease of Doing Business**'માં સુધારો કરવામાં મદદ મળશે.
- વર્લ્ડ બેંક દ્વારા બહાર પાડવામાં આવેલા ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ રિપોર્ટ– 2020માં ભારત 190 દેશમાંથી 63માં ક્રમે હતું.

### MCA 21

MCA 21 માં MCAનું પૂરું નામ '**Ministry of Corporate Affairs**' છે.

- **MCA 21** એ **કોર્પોરેટ અફેર્સ મંત્રાલયનું** ઓનલાઈન પોર્ટલ છે. આ પોર્ટલ કંપની સાથે સંબંધિત તમામ માહિતી વિવિધ હિતધારકો અને સામન્ય લોકો માટે સુલભ બનાવી છે.
- MCA 21 ભારત સરકારના મિશન મોડ પ્રોજેક્ટ નો એક ભાગ છે.
- **MCA 21 સંસ્કરણ 3.0** વર્ષ 2021ના બજેટની જાહેરાતનો એક ભાગ છે.

### ઉદ્દેશ્ય

તે '**કંપની અધિનિયમ, 1956**', '**નવો કંપની અધિનિયમ,2013**' અને '**મર્યાદિત જવાબદારી ભાગીદારી અધિનિયમ,2008**' હેઠળ કાયદેસર જરૂરિયાતોના સક્રિય અમલીકરણ અને પાલન સંબંધિત તમામ પ્રક્રિયાઓને પૂર્ણપણે સ્વચાલિત કરવા માટે રચાયેલ છે. જેનાથી વેપારી સમુદાયને તેની કાનૂની જવાબદારી પૂર્ણ કરવામાં મદદ મળશે.

ICE INSTITUTE COMPETITIVE EXAMS

## મેકેદાતુ ડેમ પ્રોજેક્ટ

**કર્ણાટકના મેકેદાતુ** (Makedatu)માં કાવેરી નદી પર જળાશયોના નિર્માણમાં માપદંડોના કથિત ઉલ્લઘંન અંગે અહેવાલ રજૂ કરવા 'રાષ્ટ્રીય ગ્રીન ટ્રિબ્યુનલ' (NGT) દ્વારા એક સમિતિની રચના કરવામાં આવી છે.

- ટ્રિબ્યુનલે મીડિયા અહેવાલની સુનાવણી લીધા પછી આ દિશામાં આદેશ આવ્યો છે.
- આ અહેવાલમાં જણાવ્યું છે કે કર્ણાટક કાવેરી નદી પર ડેમ બનાવવાની દરખાસ્ત કરી રહ્યું છે. જ્યારે 'કાવેરી જળ વ્યવસ્થાપન ઓથોરિટી' દ્વારા આ દરખાસ્ત તમિલનાડુ સરકારના વિરોધના કારણે બે વખત રદ કરવામાં આવી હતી.

### તમિલનાડુ શા માટે વિરોધ કરે છે

તમિલનાડુ તેના ઉપરી તટ પટના કોઈપણ પ્રોજેક્ટનો વિરોધ્ધ કરે છે. સિવાય કે તેને સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂરી આપવામાં ન આવે.

- કર્ણાટક રાજ્યએ સંમતિ અને મંજૂરી વિના પ્રોજેક્ટ શરૂ કર્યો છે. જે કાવેરી જળ વિવાદ ટ્રિબ્યુનલના અંતિમ આદેશની વિરૂધ્ધ છે.
- આ પ્રોજેક્ટના કારણે તમિલનાડુમાં કાવેરી નદીના પ્રવાહ પર અસર થશે.

## મેકેદાતુ પ્રોજેક્ટ

વર્ષ 2017માં કર્ણાટક રાજ્ય દ્વારા આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી.

- આ પ્રોજેક્ટ માટે કર્ણાટક રાજ્ય સરકારે 9000 કરોડ રૂપિયા જાહેર કર્યા હતા.
- આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય બેંગલુરૂ શહેર માટે પીવાના પાણીનો સંગ્રહ અને સપ્લાય કરવાનો હતો.
- મેકેદાતુ ડેમ પ્રોજેક્ટ દ્વારા 400 મેગાવોટ વિજળી પણ ઉત્પન્ન કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ કાવેરી નદી અને તેની સહાયક અર્કાવતીના સંગમ પર સ્થિત એક ઉંડી ખીણમાં અમલમાં મુકાયો છે.



## WEDNESDAY Questions

1. નાણાકીય વર્ષ 2020-21 માં FDIમાં કેટલા ટકાનો વધારો થયો છે ?

(A) 5 (B) 10 (C) 15 (D) 20 **(B)**

2. વર્ષ 2020-21માં ભારતમાં સૌથી વધુ FDI (સીધુ વિદેશી રોકાણ) કયા દેશનું છે ?

(A) અમેરિકા (B) જાપાન (C) રશિયા (D) સિંગાપોર **(D)**

3. ભારતના કયા રાજ્યમાં નાણાકીય વર્ષ 2020-21ના સંદર્ભમાં સૌથી વધુ વિદેશી રોકાણો થયું છે ?

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) કર્ણાટક (D) ઝારખંડ **(A)**

4. ગુજરાત નાણાકીય વર્ષ 2020-21માં________ટકા વિદેશી રોકાણ સાથે સતત ચોથા વર્ષે ટોચના સ્થાને રહ્યું છે ?

(A) 50 (B) 42 (C) 37 (D) 22 **(C)**

5. GI ટેગ પ્રાપ્ત મહારાષ્ટ્રની કઈ વસ્તુને યુનાઈટેડ કિંગ્ડમમાં નિકાસ કરવામાં આવી છે ?

(A) સફરજન (B) બાસમોતી ચોખા (C) સપોટા (ચીકુ) (D) શહી લીચી **(C)**

6. તાજેતરમાં GI ટેગ પ્રાપ્ત શાહી લીચીની યુનાઈટેડ કિંગ્ડમમાં નિકાસ કરવામાં આવી હતી. તે કયા રાજ્યની જાણીતી કૃષિ પેદાશ છે ?

(A) બિહાર (B) મહારાષ્ટ્ર (C) કર્ણાટક (D) કેરળ **(A)**

7. MCA 21 કયા મંત્રાલયનું ઓનલાઈન પોર્ટલ છે ?

(A) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય (B) કોર્પોરેટ અફેર્સ મંત્રાલય
(C) માર્ગ અને પરિવહન મંત્રાલય (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

8. તાજેતરમાં વિવાદિત રહેલ 'મેકેદાતુ ડેમ પ્રોજેક્ટ' કયા રાજ્યોનો છે ?

(A) તમિલનાડુ (B) આંધ્રપ્રદેશ (C) કેરળ (D) કર્ણાટક **(D)**

9. 'મેકેદાતુ ડેમ પ્રોજેક્ટ'નું નિર્માણ કયા સ્થળે કરવામાં આવશે ?

(A) કાવેરી અને અર્કાવતી નદીના સંગમ સ્થળે
(B) કાવેરી અને આલમતી નદીના સંગમ સ્થળે
(C) કૃષ્ણા અને અર્કાવતી નદીના સંગમ સ્થળે
(D) કૃષ્ણ અને આલમતી નદીના સંગમ સ્થળે **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 27 મે, શ્રી જવાહરલાલ નહેરુ પુણ્યતિથિ

## CBI ના નવા ડિરેક્ટર તરીકે શ્રી સુબોધ જયસ્વાલની નિમણૂક

ભારતના કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં **CBI**ના નવા ડિરેક્ટર તરીકે શ્રી સુબોધ જયસ્વાલની નિમણૂક કરવામાં આવી છે.

- **CBI**ના ડિરેક્ટર તરીકે શ્રી સુબોધ જયસ્વાલએ **CBI**ના કાર્યકારી ડિરેક્ટર શ્રી પ્રવિણ સિંહાનું સ્થાન લીધુ છે.
- શ્રી સુબોધ જયસ્વાલ **1985**ની બેચના **IPS** ઓફિસર છે. તેઓ બિહારના ધનબાદના રહેવાસી છે.
- શ્રી સુબોધ જયસ્વાલ મહારાષ્ટ્ર કેડરના **IPS** ઓફિસર છે.
- **CBI**ના ડિરેક્ટરની નિમણૂક 'દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટબ્લિશમેન્ટ એક્ટ, **1946**'ની કલમ **4A** હેઠળ થાય છે.

### CBI

**CBI** ભારતની અગ્રણી તપાસ એજન્સી છે. તેનું પુરું નામ '**Central Bureau of Investigation**' છે.

- **CBI**ની સ્થાપના '**Special Police Establishment (SPE)**' તરીકે વર્ષ **1941**માં થઈ હતી.
- ત્યારબાદ તેના અધિકાર અને કાર્યવાહી '**Dilhi Special Police Establishment Act, 1946**' દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે.
- અને તેને **1 એપ્રિલ, 1963**ના રોજ ગૃહ મંત્રાલયના એક ઠરાવ દ્વારા તેનું વર્તમાન નામ– **Central Bureau of Investigation (CBI)** આપવામાં આવ્યું હતું.
- સ્થાપના સમયે તેનું વડું મથક લાહોર ખાતે હતું
- **CBI**નું વર્તમાન વડું મથક નવી દિલ્હીમાં લોધી રોડ ખાતે આવેલું છે.
- **CBI**નો મોટો '**Industry, Impartiality, Integrity**' છે.
- **CBI** ભારત સરકારના 'કર્મચારી, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય' અંતર્ગત કાર્ય કરે છે.

નોંધ : **CBI**ના પ્રથમ ડિરેક્ટરનું નામ શ્રી ડી.પી. કોહલી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### CBI નું માળખું

**CBI** નું નેતૃત્વ **Director** દ્વારા કરવામાં આવે છે. ઉપરાંત તેની સાથે **Special Directore** અથવા **Additional Director** ની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

- **CBI**ના ડિરેક્ટરનો કાર્યકાળ **2 વર્ષ**નો હોય છે.
- **CBI**ના ડિરેક્ટરની નિમણૂક **3 સભ્યો**ની નિમણૂક સમિતિના આધારે કરવામાં આવે છે. જેના સભ્યો નીચે દર્શાવ્યા મુજબના હોય છે.

**સમિતિના સદસ્યો**
- → પ્રધાનમંત્રી (સમિતિના અધ્યક્ષ)
- → લોકસભાના વિરોધપક્ષના નેતા
- → સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ અથવા તેમના દ્વારા ભલામણ કરાયેલ અન્ય ન્યાયાધીશ

## CBIના કાર્યો

- કેન્દ્ર સરકારના કર્મચારીઓ વિરુધ્ધ ભ્રષ્ટાચાર, લાંચ–રૂશ્વતના કેસની તપાસ કરવી.
- ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 હેઠળના કેસોની તપાસ કરવી.
- IPS હેઠળના કેસો જેમાં લાંચ કે ભ્રષ્ટાચારની બાબત સંકળાયેલી હોય.
- રાજ્ય સરકારના અધિકારીઓ વિરુધ્ધના કેસ જો સોંપવામાં આવે તો તેની તપાસ.
- રાષ્ટ્રીય સ્તરના ગુનાઓ જેવા કે હત્યા, અપહરણ, બળાત્કાર વગેરે જેવા ગુનાઓની તપાસ માટે જો સર્વોચ્ચ ન્યાયાલય કે ઉચ્ચ અદાલત અથવા રાજ્ય સરકાર દ્વારા સૂચવવામાં આવે તો એ કાર્ય પણ કરે છે.
- CBI ભારતમાં ઈન્ટરપોલના 'રાષ્ટ્રીય કેન્દ્રીય અન્વેષણ' તરીકે પણ કાર્ય કરે છે.

## વેસાક સમારોહ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બુદ્ધ પૂર્ણિમા નિમિત્તે 'વેસાક વૈશ્વિક સમારોહ'ને સંબોધન કર્યુ હતું.

- આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘના સહયોગથી સંસ્કૃતિ મંત્રાલય દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ કાર્યક્રમમાં સમગ્ર વિશ્વના બૌદ્ધ સંગઠનોના વડાઓ હાજર રહ્યા હતા.

### વેસાક

વેસાકને 'બુદ્ધ જયંતી' અથવા 'બુદ્ધ પૂર્ણિમા' તરીકે પણ ઉજવવામાં આવે છે.

- બૌદ્ધ ધર્મના સ્થાપક ભગવાન ગૌતમ બુદ્ધના જન્મની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વેસાક, તિબેટ અને મંગોલિયા સહિત દક્ષિણ અને દક્ષિણ પૂર્વ એશિયામાં બૌદ્ધ અને હિન્દુઓ દ્વારા ઉજવવામાં આવતો તહેવાર છે.
- બુદ્ધ પૂર્ણિમા વૈશાખ મહિનાની પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે.
- આ પ્રસંગે ઘણા ભક્તો બિહારના બોધગયામાં સ્થિત યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ 'મહાબોધી વિહાર'ની મુલાકાત લે છે.
- બોધી વિહાર તે સ્થળ છે જ્યાં ભગવાન બુદ્ધને જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

### આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘ (IBC)

આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘએ સૌથી મોટુ ધાર્મિક બૌદ્ધ સંઘ છે.

- આ સંઘનો મુખ્ય ઉદ્દેશ વૈશ્વિક મંચ પર બૌદ્ધ ધર્મની ભૂમિકાને આગળ વધારવાનો, બૌદ્ધધર્મના વારસાને જાળવવા મદદ કરવા, જ્ઞાન અને મુલ્યોને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક સંવાદમાં અર્થપૂર્ણ ભાગીદારી સાથે બૌદ્ધધર્મનું સંયુક્ત રીતે પ્રતિનિધિત્વ કરવાનો છે.
- વર્ષ 2011માં 'વૈશ્વિક બૌદ્ધ મંડળ'નું દિલ્હી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘ'ની રચનાનો ઠરાવ સ્વિકારવામાં આવ્યો હતો.
- આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભગવાન ગૌતમ બુદ્ધ વિશે



- બૌદ્ધ ધર્મના સ્થાપક : ગૌતમ બુદ્ધ
- બાળપણનું નામ : સિધ્ધાર્થ
- જન્મ : ઈ.સ પૂર્વે 563
- જન્મ સ્થળ : કપિલ વસ્તુ પાસે લુમ્બિની (હાલ નેપાળમાં)
- માતા : મહામાયા/માયાવતી (જન્મના સાતમાં દિવસે મૃત્યુ)
- પાલકમાતા : પ્રજાપતિ ગૌતમી
- પિતા : શુધ્ધોધન (શક્ય વંશના ક્ષત્રિય રાજા)
- પત્ની : યશોધરા
- પુત્ર : રાહુલ
- ગૃહ ત્યાગ : 29 વર્ષ
- તપશ્ચર્યા : 7 વર્ષ સુધી
- જ્ઞાન પ્રાપ્તી સ્થળ : ઉરબેલાવના
- નદી : નિરંજના
- વૃક્ષ : પીપળ

(ઉપરના ત્રણ માટે:) હાલમાં આવેલું આ સ્થળ બોધીગયા તરીકે જાણીતું છે.

- પ્રથમ ઉપદેશ સ્થળ : ઋષીપતન (સારનાથ), ધર્મચક્રપરિવર્તન
- ઉપદેશની ભાષા : પાલી (પ્રાકૃત)
- પ્રિય શિષ્ય : આંનદ
- નિર્વાણ : ઈ.સ. પૂર્વ 483
- સ્થળ : કુશીનગર (ઉત્તરપ્રદેશમાં)
- ભગવાન બુદ્ધે 29 વર્ષની વયે ગૃહત્યાગ કર્યો હતો. આ ઘટનાને 'મહાભિનિષ્ક્રમણ' તરીકે ઓળખવામાં આવે છે.
- નિરંજના નદીને કિનારે ગયા નામના સ્થળે પીપળાના વૃક્ષ નીચે તપશ્ચર્યા કર્યા બાદ વૈશાખી પૂર્ણિમાના દિવસે તેમને જ્ઞાન પ્રાપ્તિ થઈ. ત્યારબાદ તે બુદ્ધ કહેવાયા.
- ભગવાન બુદ્ધના સૌથી પ્રિય શિષ્ય આનંદ હતા. તેમના અનુરોધથી ભગવાન બુદ્ધે સ્ત્રીઓને બૌદ્ધસંઘમાં સ્થાન આપ્યું. તેમના પ્રથમ સ્ત્રી શિષ્ય પ્રજાપતિ ગૌતમી હતા.
- ભગવાન બુદ્ધને 'શાક્ય સિંહ', 'શક્યમુની' અને 'તથાગત' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- બૌદ્ધ ધર્મના બે સંપ્રદાયો છે : હીનાયાન અને મહાયાન
- મહાયાન સંપ્રદાયની સ્થાપના નાગાર્જુને ઈ.સ. પૂર્વની પ્રથમ સદીમાં કરવામાં આવી હતી.
- હીનાયાન સંપ્રદાય બુદ્ધને ઉપદેશક તરીકે અને મહાયાન સંપ્રદાયને બુદ્ધ ભગવાન તરીકે સ્વીકારે છે.
- બૌદ્ધ ધર્મમાં વૈશાખી પુર્ણિમાનું મહત્ત્વ ખૂબ વધારે છે, કારણ કે ભગવાન બુદ્ધનો જન્મ, જ્ઞાન પ્રાપ્ત અને મૃત્યુ વૈશાખી પૂર્ણિમાના દિવસે થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બૌદ્ધ ધર્મ સભાઓ

| ક્રમ | સમય | સ્થળ | રાજા | અધ્યક્ષ | વિશેષતા |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ઈ.સ.પૂર્વે 483 | રાજગૃહ | અજાતશત્રૂ (હર્યકવંશ) | મહાકશ્યપ | સુકત પિટક અને વિનય પિટકનું સંકલન |
| દ્વિતીય | ઈ.સ.પૂર્વે 383 | વૈશાલી | કાલાશોક (શિશુનાગવંશ) | સબ્બાકામી (સર્વકામીની) | થેરવાદ શાખા વિકસી |
| તૃતીય | ઈ.સ.પૂર્વે 250 | પાટલીપુત્ર | અશોક (મૌર્યવંશ) | મોગલીપુત્ર તિસ્સ | અભિધમ્મ પિટકનું સંકલન |
| ચતુર્થ | ઈ.સ.ની પ્રથમ સદી | કુંડલવન કશ્મીર | કનિષ્ક (કુષાણવંશ) | વસુમિત્ર | • હિનયાન મહાયાનમાં વિભાજન<br>• ત્રિપિટક પર સંસ્કૃત ટીકા<br>• વિભાષાશાસ્ત્રની રચના |

નોંધ : (1) બૌદ્ધ ધર્મના 'દીપવંશ' અને 'મહાવંશ' નામના ગ્રંથો શ્રીલંકામાંથી પ્રાપ્ત થયા છે.

(2) 'ધમ્મપદ' નામના ગ્રંથને 'બૌદ્ધધર્મની ગીતા' માનવામાં આવે છે.

## શ્રી અમર્ત્ય સેનને સામાજિક વિજ્ઞાનમાં સ્પેનનો સર્વોચ્ચ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો

ભારતીય અર્થશાસ્ત્રી અને નોબેલ વિજેતા શ્રી અમર્ત્ય કુમાર સેનને સામાજિક વિજ્ઞાન કેટેગરીમાં સ્પેનનો સર્વોચ્ચ એવોર્ડ 'પ્રિન્સેસ ઓફ ઓસ્ટુરિયસ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

- નોંધનીય છે કે 20 દેશના 41 ઉમેદવારમાંથી તેમની પંસદગી કરવામાં આવી હતી.
- શ્રી અમર્ત્ય સેનને તેમનું પ્રસિધ્ધ કાર્ય 'Poverty and Famines' માટે પંસદ કરવામાં આવ્યા છે.
- આ એવોર્ડ અંતર્ગત એક પ્રતીકના રૂપમાં જોન મીરોની પ્રતિમા, ઈન્સિગ્નિયા ડિપ્લોમાં અને 50,000 યુરોનું રોકડ ઈનામ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી અમર્ત્ય સેન

શ્રી અમર્ત્ય સેનનો જન્મ વર્ષ 1933માં કોલકતા ખાતે થયો હતો.

- તેમનું શિક્ષણ કોલકતાની શાંતિનિકેતન અને 'પ્રેસિડેન્સી કોલેજ' તથા 'કેમ્બ્રિજની ટ્રિનિટી કોલેજ'માં પૂર્ણ થયું હતું.
- અમર્ત્ય સેન હાલમાં હાવર્ડ યુનિવર્સિટીમાં પ્રોફેસર છે.
- આ સિવાય તેમણે જાદવપુર યુનિવર્સિટી, દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ અને ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં પણ અધ્યાપન કર્યુ છે.
- વર્ષ 1998માં તેમને અર્થશાસ્ત્રમાં નોબેલ એવોર્ડ વર્ષ 1999માં ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## આસામના મુખ્યમંત્રીશ્રી એ 'Guardian Ministers'ની નિમણૂક કરી

આસામના મુખ્યમંત્રી શ્રી હિમંત બિસ્વા સરમાએ રાજ્યમાં '**Guardian Ministers**' (સંરક્ષક મંત્રીઓ)ની નિયુક્તિ કરી છે.

### સંરક્ષક મંત્રીઓ (Guardian Ministers)ના કાર્ય

સંરક્ષક મંત્રીઓ આસામ રાજ્યના તમામ 34 જિલ્લઓમાં સંતુલિત, ઝડપી અને ટકાઉ વિકાસની દેખરેખ રાખશે.

- રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા જિલ્લાઓમાં યોજનાઓ લાગુ કરવા અને સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે તેઓ જવાબદાર રહેશે.
- તેઓ સરકારના નીતિગત નિર્ણયો વહીવટી સુધારા અને લોકો માટેના કલ્યાણકારી યોજનાઓની પણ દેખરેખ રાખશે.
- તેઓ સામન્ય રીતે તેમજ કટોકટીની પરિસ્થિતિ દરમિયાન જિલ્લાઓની મુલાકાત લેશે.
- તેઓ જિલ્લાના કલ્યાણ અને વિકાસ માટે સરકારને નીતિગત નિર્ણયો પણ સૂચવી શકે છે.
- આ ઉપરાંત તેઓ જિલ્લાઓમાં શ્રેષ્ઠ પ્રયાસો માટે પુરસ્કારોની ભલામણ કરશે અને જિલ્લા વહીવટ માટે 'વિઝન ડોક્યુમેન્ટ' તૈયાર કરશે.

### જિલ્લઓની ફાળવણી

કુલ 13 મંત્રીઓમાંથી આઠ મંત્રીઓને ત્રણ–ત્રણ જિલ્લા અને પાંચ મંત્રીઓને બે–બે જિલ્લા ફાળવવામાં આવ્યા છે.

### સંરક્ષક મંત્રી કોણ છે ?

તે જિલ્લા યોજના સમિતિ (DPC)ના અધ્યક્ષ હોય છે. જે કાયદા પ્રમાણે દરેક જિલ્લામાં રચાય છે.

- નોંધનીય છે કે કાયદામાં તે ઉલ્લેખ નથી કરાયો કે DPC ના અધ્યક્ષ કોણ હોવા જોઈએ. આથી તેનું સંચાલન અને વહીવટ ચૂંટાયેલા પ્રતિનિધિઓ કરી શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. CBIના નવા ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી પ્રવિણ સિંહા
(B) શ્રી સુબોધા જયસ્વાલ
(C) શ્રી રિષિ કુમાર શુકલા
(D) શ્રી ઓમ નાગેશ્વર રાવ
(B)

2. CBIના નવા ડિરેક્ટર શ્રી સુબોધ જયસ્વાલ પહેલા કોણે CBIના કાર્યકારી ડિરેક્ટર તરીકે સેવા આપી હતી ?

(A) શ્રી પ્રવિણ સિંહા (B) શ્રી અલોક વર્મા (C) શ્રી અનિલ સિંહા (D) શ્રી પી.સી મિશ્રા
(A)

3. 'વેસાક' અથવા 'બુદ્ધપૂર્ણિમા' કયા દિવસે ઉજવાય છે ?

(A) શ્રાવણી પુર્ણિમા (B) કારતકી પૂર્ણિમા (C) આસો પૂર્ણિમા (D) વૈશાખી પૂર્ણિમા
(D)

4. 'વેસાક સમારોહ' અથવા 'વેસાક તહેવાર' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) વેસાક તહેવારને 'બુદ્ધ જયંતી' અથવા 'બુદ્ધ પૂર્ણિમા' તરીકે પણ ઉજવવામાં આવે છે.

(B) બૌદ્ધ ધર્મના સ્થાપક ભગવાન ગૌતમ બુદ્ધના જન્મની યાદમાં ઉજવવામાં આવે છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને સાચા
(C)

5. શ્રી અમર્ત્ય સેન ને સામાજિક વિજ્ઞાન કેટેગરીમાં કયા દેશનો સર્વોચ્ચ એવોર્ડ 'પ્રિન્સેસ ઓફ ઓસ્ટુરિયમ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) કેનેડા (B) સ્પેન (C) યુ.એ.ઈ (D) યુ.એસ.એ
(B)

6. તાજેતરમાં કયા રાજ્યના મુખ્યમંત્રીએ 'Guardian Ministers'ની નિમણૂક કરી છે ?

(A) આસામ (B) ઝારખંડ (C) ત્રિપુરા (D) મેઘાલય
(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા : 28 મે, (1) વિશ્વ ભૂખ દિવસ (World Hunger Day) (2) વિશ્વ ડુગોંગ દિવસ (World Dugong Day)

## વિશ્વ ભૂખ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **28 મે** ના રોજ 'વિશ્વ ભૂખ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 'વિશ્વ ભુખ દિવસ'એ '**The Hunger Project**' નામના એક વૈશ્વિક સંગઠન દ્વારા શરૂ કરવામાં આવેલી એક પહેલ છે.
- 'ધ હંગર પ્રોજેક્ટ'એ વૈશ્વિક સ્તરે ભૂખ માટે તર્ક સંગત ઉપાયો શોધવા માટે પ્રતિબધ્ધ વૈશ્વિક સંગઠન છે.
- આ સંગઠનની સ્થાપના વર્ષ **1977**માં થઈ હતી.

## વિશ્વ ડુગોંગ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **28 મે**ના રોજ 'વિશ્વ ડુગોંગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ડુગોંગ એ વિશ્વનું એકમાત્ર શાકાહારી સમુદ્રી સ્તનધારી છે.
- તેને 'સમુદ્રી ગાય' (**Sea Cow**) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ જીવ અત્યારે લુપ્ત થવાની કગાર પર છે.
- આથી, તેના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

# મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તૌકતે ચક્રવાતથી અસરગ્રસ્ત ખેડૂતો માટે રૂ. 500 કરોડના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી

જ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત પર ત્રાટકેલુ તૌકતે ચક્રવાતના કારણે બાગાયતી પાકો અને ઉનાળુ પાકોને થયેલા વ્યાપક નુકસાન સામે **રૂ. 500 કરોડના કૃષિ રાહત પેકેજ**ની જાહેરાત કરી છે.

- સરકારના સર્વે અનુસાર ગુજરાતના **86** તાલુકાઓમાં અંદાજે 2 લાખ હેક્ટર વિસ્તારના કૃષિ અને બગાયત પાકોને વ્યાપક નુકસાન થયું છે.
- આંબા, નાળીયેરી, ચીકુ, લીબું જેવા ફળાઉ વૃક્ષ પડી જવાને કે મૂળ સહિત ઉખડી જવાથી કાયમી નાશ પામવાના કિસ્સામાં રાજ્ય સરકારે પ્રથમવાર હેક્ટર દિઠ મહત્તમ રૂ. **1** લાખની સહાય કરવામાં આવશે. આ સહાય મહત્તમ બે હેક્ટર દિઠ આપવામાં આવશે.
- આંબા, ચીકુ, લીંબુ, નારિયેળ, જામફળ વગેરે પાકોમાં જ્યાં વૃક્ષ ઉભા છે પરંતુ પાક ખરી પડ્યા છે અને **33** ટકાથી વધુ નુકસાન થયું છે તે માટે રૂ. **30,000** પ્રતિ હેક્ટર સહાય અને વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામા અપાશે.
- તલ, બાજરી, મગ, અડદ, મગફળી, ડાંગર, ડુંગળી, કેળ, પપૈયા વગેરેમાં **33** ટકા કરતા વધારે નુકસાન થયું હોય તેવા કિસ્સામાં ઉત્પાદન નુકસાન સહાય પેટે હેક્ટર દીઠ રૂ. **20,000**ની સહાય વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં આપવામાં આવશે.
- આ સહાય ખેડૂતના બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવશે.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

# RAW અને IB ના વડાઓનો કાર્યકાળ એક વર્ષ લંબાવવામાં આવ્યો

તાજેતરમાં કેન્દ્ર સરકારે RAWના વડા શ્રી સામંત કુમાર ગોયલ અને IBના વડા શ્રી અરવિંદ કુમારના કાર્યકાળમાં એક વર્ષનો વધારો કરવામાં આવ્યો છે.

- RAWના વડા તરીકે શ્રી સામંત ગોયલે જૂન 2019માં તેમનો ચાર્જ સંભાળ્યો હતો.
- IBના વડા તરીકે શ્રી અરવિંદ કુમારે પણ જૂન 2019માં તેમનો ચાર્જ સંભાળ્યો હતો.

## RAW




RAWનું પુરું નામ '**Research and Analysis Wing**' છે.

- RAWએ ભારતની વિદેશી અથવા તો આંતરરાષ્ટ્રીય જાસૂસી એજન્સી છે.
- અગાઉ ભારતમાં આંતરિક અને વિદેશી ગુપ્ત માહિતી મેળવવાનું કાર્ય IB દ્વારા જ થતું હતું.
- જો કે, ભારત–ચીન યુધ્ધ દરમિયાન વિદેશી ગુપ્ત માહિતી મેળવવામાં મળેલી નિષ્ફળતા બાદ વિદેશી ગુપ્ત માહિતી મેળવવા માટેની સ્વતંત્ર એજન્સી તરીકે 21 સપ્ટેમ્બર, 1968ના રોજ RAW ની સ્થાપના થઈ હતી.
- તેનું વડુંમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- તેનું ધ્યેય વાક્ય 'ધર્મો રક્ષતિ રક્ષિત' છે.
- ભારતમાં RAWના વડાને કેબિનેટ સચિવાલયમાં સેક્રેટરી (R) નો દરજ્જો આપવામાં આવે છે.
- તેઓ ભારતના વડાપ્રધાનના સીધા નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે.
- તેઓ વહીવટી રીતે ભારતના કેબિનેટ સચિવને અહેવાલ આપે છે અને કેબિનેટ સચિવ વડાપ્રધાન શ્રી ને અહેવાલ આપે છે.

નોંધ : (1) ભારતમાં RAWના પ્રથમ વડા શ્રી રામેશ્વરનાથ કાઓ હતા.

(2) તેમના 9 વર્ષના કાર્યકાળ દરમિયાન તેમણે 'સ્વતંત્ર બાંગ્લાદેશના નિર્માણ' અને 'સિક્કમને ભારત સાથે જોડવા'માં મહત્વની ભૂમિકા ભજવી હતી.

## IB




IB (Intelligence Bureau)એ ભારતની આંતરિક જાસૂસી એજન્સી છે.

- તેની સ્થાપના વર્ષ 1887માં થઈ હતી. અને તેને વિશ્વની સૌથી જૂની પ્રખ્યાત જાસૂસી એજન્સી માનવામાં આવે છે.
- વર્ષ 1887માં સ્થાપના બાદ 1947માં ભારત સરકારના ગૃહમંત્રાલય હેઠળ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યૂરો તરીકે તેનું પુનર્ગઠન થયું હતું.
- તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- તેનું ધ્યેય વાક્ય 'જાગૃતં અહર્નિશ' છે.

- ભારત સરકારના ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરતી આ સંસ્થા ભારતમાં આતંકવાદ જેવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિઓ પર રોક લગાવવાનું કાર્ય કરે છે.

  નોંધ : વર્ષ **1947** બાદ <u>શ્રી સંજીવી પિલ્લર</u> **IB**ના પ્રથમ ભારતીય વડા હતા.

## શ્રી બશર અલ-અસદ સતત ચોથી ટર્મ માટે સીરિયાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા

તાજેતરમાં <u>શ્રી બશર અલ–અસદ</u> **(Basar al- Assad)** સતત ચોથી વખત <u>સીરિયા</u>ના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે.

- સીરિયાના સંસદીય અધ્યક્ષની ઘોષણા મુજબ શ્રી બશર અલ–અસદને **<u>95.1%</u>** મતો મળ્યા હતા. વર્ષ **<u>2014</u>**માં તેમને **<u>88%</u>** મતો મળ્યા હતા.
- શ્રી બશર અલ–અસદે <u>વર્ષ **2000**</u>માં સીરિયાના **<u>19</u>**માં રાષ્ટ્રપતિ બન્યા હતા અને ત્યારથી સતત ચાર વખત સીરિયાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે.
- શ્રી બશર અલ અસદે તેમના પિતાનું સ્થાન લીધુ હતું.
- તેમના પિતાએ પણ વર્ષ **<u>1971 થી 2000</u>** સુધી સીરિયાના રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી.
- સીરિયા <u>પશ્ચિમ એશિયા</u>માં સ્થિત દેશ છે.
- તે ઉત્તરમાં તુર્કી, પૂર્વમાં ઈરાક, દક્ષિણમાં જોર્ડન અને દક્ષિણ–પશ્ચિમમાં ઈઝરાયલ અને લેબનોન સાથે સરહદ ધરાવે છે.
- સીરિયા એકમાત્ર એવો દેશ છે જે રાજકીય રીતે '<u>બાથવાદ</u>' **(Ba'athism)** નું સમર્થન કરે છે.



1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ ભૂખ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 25 મે (B) 26 મે (C) 27 મે (D) 28 મે **(D)**

2. સમગ્ર વિશ્વમાં કયા દિવસે 'વિશ્વ ડુંગોંગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 27 મે (B) 28 મે (C) 29 મે (D) 30 મે **(B)**

3. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ તૌકતે ચક્રવાતથી અસરગ્રસ્ત ખેડૂતો માટે કેટલા કરોડના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી છે ?

(A) રૂ. 100 કરોડ (B) રૂ. 200 કરોડ (C) રૂ. 500 કરોડ (D) રૂ. 1000 કરોડ **(C)**

4. તાજેતરમાં કેન્દ્ર સરકારે RAW અને IBના વડાઓનો કાર્યકાળ કેટલા વર્ષ માટે લંબાવવામાં આવ્યો છે ?

(A) 1 વર્ષ (B) 2 વર્ષ (C) 3 વર્ષ (D) 4 વર્ષ **(A)**

5. RAW ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?

(A) 21 સપ્ટેમ્બર, 1968 (B) 21 સપ્ટેમ્બર, 1961
(C) 21 સપ્ટેમ્બર, 1957 (D) 21 સપ્ટેમ્બર, 1951 **(A)**

6. ભારતમાં IBની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી ?

(A) 1860 (B) 1865 (C) 1887 (D) 1897 **(C)**

7. તાજેતરમાં શ્રી બશર અલ–અસદ કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે ?

(A) ઈરાક (B) સીરિયા (C) ઈરાન (D) લેબનોન **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 29 મે, (1) આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ
## (2) વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ (World Digestive Health Day)
## (3) આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ (International Everest Day)

### આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 29 મેના રોજ 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વમાં શાંતિની સ્થાપના માટે શહીદ થયેલા સૈનિકોની યાદમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ **2003** થી થયો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રથમ શાંતિ મિશનની રચના 29 મે, 1948ના રોજ કરવામાં આવી હતી.
- આથી, આ દિવસની ઉજવણી માટે 29 મેની પંસદગી કરવામાં આવી છે.
- વર્ષ 2021ની 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ'ની થીમ '**The Road to a Lasting Peace: Leveraging the Power of Youth for Peace and Security**' છે.

### આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ

નેપાળ દ્વારા વર્ષ 29 મેના રોજ 'આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ' અથવા 'માઉન્ટ એવરેસ્ટ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- નોંધનીય છે કે 29 મે, 1953ના રોજ માઉન્ટ એવરેસ્ટ સૌપ્રથમવાર ન્યુઝિલેન્ડના શ્રી એડમંડ હિલેરી અને તેના તિબેટીયન ગાઈડ શ્રી તેનઝીંગ નોર્ગે દ્વારા ચડાઈ કરવામાં આવી હતી.
- માઉન્ટ એવરેસ્ટ હિમાલયની બૃહદ હિમાલય અથવા હિમાદ્રી શ્રેણીમાં આવે છે.
- માઉન્ટ એવરેસ્ટ વિશ્વનું સર્વોચ્ચ શિખર છે. જેની ઉંચાઈ 8,848 મીટર છે.
- માઉન્ટ એવરેસ્ટને નેપાળમાં 'સાગરમાથા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

નોંધ : (1) ભારતનું સર્વોચ્ચ શિખર ગોડવીન ઓસ્ટીન (K2) કારાકોરમ શ્રેણીમાં આવેલ છે.
(2) ગોડવીન ઓસ્ટીન (K2) વિશ્વનું બીજા ક્રમનું સૌથી સર્વોચ્ચ શિખર છે. જેની ઉંચાઈ 8,611 મીટર છે.

## મુદ્રા વિનિમય સુવિધા : બાંગ્લાદેશ - શ્રીલંકા

તાજેતરમાં બાંગ્લાદેશે શ્રીલંકા સાથે તેના અર્થતંત્રને વેગ આપવા માટે 200 મિલિયન યુ.એસ ડોલર મુદ્રા વિનિમય સુવિધાને મંજૂરી આપી છે.

- ચલણ અદલાબદલ અથવા મુદ્રા વિનિમયએ પૂર્વ નિધારિત શરતો અને શરતો સાથે કરન્સીના વિનિમય માટે બંને દેશો વચ્ચેના કરારનો સંદર્ભ આપે છે.

- વર્તમાન સંદર્ભમાં ચલણ અદલાબદલને અસરકારક રીતે લોન તરીકે જોઈ શકાય છે, જે બાંગ્લાદેશ દ્વારા શ્રીલંકાને ડોલરમાં આપવામાં આવશે. જેમાં કરારનો પણ સમાવેશ થાય છે આ અંતર્ગત લોન અને તેની સાથેના વ્યાજની ચૂકવણી શ્રીલંકાના રૂપિયામાં કરવામાં આવશે.
- કેન્દ્રીય બેન્ક અને સંબંધિત દેશની સરકારો દ્વારા ટૂંકા ગાળાની વિદેશી વિનિમય તરળતા આવશ્યકતાઓને પહોંચી વળવા અથવા ચૂકવણી સંતુલનના સંકટને ટાળવા માટે પૂરતા વિદેશી સમકક્ષો સાથે 'કરન્સી સ્વેપ' કરાર કરવામાં આવે છે.
- નોંધનીય છે કે શ્રીલંકા માટે બજારમાંથી ઉધાર લેવા કરતા આ કરાર ખૂબ સસ્તું છે.
- આ વિનિમયમ કરારમાં વિનિમય દર અથવા અન્ય બજારનું જોખમ નથી, કારણકે વ્યાવહારની શરતો અગાઉથી નક્કી કરવામાં આવી છે.
- વિનિમય દર જોખમ જેને 'ચલણ જોખમ' તરીકે પણ ઓળખવામાં આવે છે. તે વિદેશી ચલણ સામેના આધાર ચલણના મૂલ્યના વધઘટથી થતા આર્થિક જોખમને સંદર્ભિત કરે છે.

## બાંગ્લાદેશની અસામાન્ય પરિસ્થિતિ

બાંગ્લાદેશને હજીસુધી અન્ય દેશો માટે આર્થિક સહાય પ્રદાતા તરીકે જોવામાં આવ્યું ન હતું. તે વિશ્વના સૌથી ગરીબ દેશોમાંનો એક છે અને હજીપણ અન્ય દેશોની અબજો ડોલરની આર્થિક સહાય મેળવે છે.

- પરંતુ બાંગ્લાદેશ પાછલા બે દાયકામાં તેની અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર સુધારણા કરવામાં સફળ રહ્યું છે અને વર્ષ 2020માં દક્ષિણ એશિયામાં સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રમાં સામેલ થયો છે.
- બાંગ્લાદેશે દેશમાં લાખો લોકોને ગરીબીમાંથી બહાર લાવવા માટે સફળ રહ્યું છે. અને માથાદીઠ આવકની બાબતે ભારતને પણ પાછળ છોડી દીધું છે.
- આવુ પ્રથમ વાર છે કે બાંગ્લાદેશ અન્ય કોઈ દેશની મદદ માટે આગળ આવ્યું હોય, તેથી આ ઘટનાને ઐતિહાસિક ગણી શકાય.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત માટે શ્રીલંકા દષ્ટીકોણ

વર્ષ 2020માં શ્રીલંકાના રાષ્ટ્રપતિએ ભારત પાસેથી 1 અબજ યુ.એસ ડોલરના ક્રેડિટ સ્વેપની સાથે સાથે શ્રીલંકાને ભારતને ચૂકવવાની હોય તેવી લોન અંગેની મુદ્દતની વિનંતી કરી હતી.

- પરંતુ ભારત–શ્રીલંકા સંબંધો કોલંબો બંદર પર એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટને સ્ક્રેપ કરવાના નિર્ણયને લઈને તણાવપૂર્ણ રહ્યા છે, આથી ભારત દ્વારા ક્રેડિટ સ્વેપના નિર્ણયને મોકૂફ કરી દેવામાં આવ્યો છે.
- જુલાઈ 2020માં ભારતીય રિઝર્વ બેંક (RBI)એ શ્રીલંકાને 400 મિલિયન યુ.એસ. ડોલરની ક્રેડિટ સ્વેપ સુવિધા આપી હતી. અને આ સોદો શ્રીલંકાની સેન્ટ્રલ બેંક દ્વારા કરવામાં આવ્યો હતો.

## મુદ્રા વિનિમય દર

મુદ્રા (ચલણ) વિનિમય દર (Currency Exchange Rate) સ્થાનિક ચલણના રૂપમાં વિદેશી ચલણના એકમની કિંમતનો સંદર્ભ આપે છે.

- નોંધનીય છે કે મુદ્રા વિનિમય દર ઘણીવાર આંતરરાષ્ટ્રીય સ્તરે ખરીદવાની અને વેચવાની ક્ષમતા નક્કી કરે છે.
- કોઈપણ ચલણનો વિનિમય દર તેની માંગ અને સપ્લાયની પ્રતિક્રિયા દ્વારા નક્કી કરવામાં આવે છે.

## ઈઝરાયલ અને પેલેસ્ટાઈન પ્રદેશો માટે સ્થાયી ઓયોગ

ઈસ્લામિક સહયોગ સંગઠન (OIC)ના સભ્યો દેશ સંયુક્ત રાષ્ટ્રની માનવ અધિકાર પરિષદ (UNHRC)ને ઈઝરાયલ, ગાઝા અને પશ્ચિમ કાંઠામાં માનવઅધિકાર ઉલ્લઘંન અંગે અહેવાલ આપવા સ્થાયી આયોગ (કાયમી પંચ)ની સ્થાપના કરવા હાકલ કરી રહ્યા છે.

- ઈઝરાયલ–પેલેસ્ટાઈન સંઘર્ષની હિંસામાં તાજેતરની વૃધ્ધિના પગલે આ પગલું લેવામાં આવ્યું છે.
- ઈઝરાયલ–પેલેસ્ટાઈન પ્રદેશોમાં આંતરરાષ્ટ્રીય માનવતાવાદી અને માનવાધિકાર કાયદાના ઉલ્લંઘનની તપાસ માટે UNHRCના અધ્યક્ષ દ્વારા નિયુક્ત કરાયેલ એક સ્વતંત્ર, આંતરરાષ્ટ્રીય તપાસ પંચ હશે.
- 'કમિશન ઓફ ઈન્કવાયરી' દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ ઉચ્ચ સ્તરની હોય છે. જેને પરિષદ અધિકૃત કરી શકે છે.
- આ આયોગ ભેદભાવ અને દમન સહિતના વારંવારના તણાવને લીધે અસ્થિરતા અને સંઘાર્ષના તમામ મૂળ કારણોની પણ તપાસ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## OIC

OIC નું પૂરું નામ 'Organisation of Islamic Cooperation' છે.

- ઈસ્લામિક સહયોગ સંગઠન (OIC) સંયુક્ત રાષ્ટ્ર પછીની 57 દેશોની સદસ્યતા ધરાવતું બીજુ આંતર–સરકારી સંગઠન છે.
- ભારત OICનો સભ્ય નથી જોકે, વર્ષ 2019માં ભારતને વિદેશી મંત્રી પરિષદના 46માં સત્રમાં વિશેષ અતિથિ તરીકે આમંત્રણ અપાયું હતું.
- તે વિશ્વના વિવિધ લોકોમાં આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુમેળને પ્રોત્સાહન આપવાની ભાવનમાં મુસ્લિમ સમુદાયના હિતોનું રક્ષણ કરવાનું કાર્ય કરે છે.
- મોરોક્કોના રબાતમાં યોજાયેલી ઐતિહાસિક સમિટના નિર્ણયના આધારે વર્ષ 1969માં OICની સ્થાપના કરી હતી.
- OICનું મુખ્ય મથક સાઉદી અરેબિયાના જેદ્દાહ (Jeddah) ખાતે આવેલું છે.

## UNHRC

UNHRCનું પૂરું નામ '<u>United Nations Human Right Council</u>' છે.

- 'સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ' (UNHRC)એ સંયુક્ત રાષ્ટ્ર પ્રણાલીની અંદરની એક આંતર સરકારી સંસ્થા છે. જે વિશ્વભરના માનવાધિકારનો પ્રચાર અને સંરક્ષણને મજબૂત કરવા માટે જવાબદાર છે.
- આ પરિષદની રચના યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા વર્ષ <u>2006</u>માં કરવામાં આવી હતી.
- આ પરિષદ સંયુક્ત રાષ્ટ્રના <u>47</u> સભ્ય દેશની બનેલી છે.
- આ પરિષદના સભ્યો <u>ત્રણ વર્ષ</u>ના સમયગાળા માટે ચૂંટાયેલા હોય છે.
- <u>1 જાન્યુઆરી, 2019</u> થી ભારત ત્રણ વર્ષના સમયગાળા માટે પરિષદમાં ચૂંટાયું હતું.
- UNHRCનું મુખ્ય મથક <u>સ્વિટ્ઝર્લેન્ડના જિનીવા</u> ખાતે આવેલું છે.

## IBFનું નામ બદલીને IBDF રાખવામાં આવશે

પ્રસારકોની સર્વોચ્ચ સંસ્થા <u>Indian Broadcasting Foundation</u> (IBF) ને ડિજિટલ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સને આવરી લેવા માટે તેના વિસ્તાર વધાર્યો છે. તેમજ તેનું નામ બલદીને '<u>Indian Broadcasting and Digital Foundation</u>' (IBDF) કરવામાં આવ્યું છે.

- આ વિસ્તૃત કવરેજ <u>બ્રોડકાસ્ટર્સ</u> અને <u>ઓટીટી</u> (Over-The-Top) પ્લેટફોર્મને એક છત હેઠળ લાવવામાં આવશે.
- આ નિર્ણય COVID-19 મહામારી દરમિયાન તેમના દર્શકોમાં નોંધપાત્ર ઉછાળાને ધ્યાનમાં લઈને લેવામાં આવ્યો છે.
- ડિજિટલ ઓટીટી પ્લેટફોર્મ માટે ડિજિટલ મેડિકલ કાઉન્સિલ (DMCTC) નામની એક સ્વ–નિયમનકારી સંસ્થા પણ બનાવવામાં આવશે.
- IBF વર્ષ <u>1999</u>માં સ્થાપિત ટેલિવિઝન બ્રોડકાસ્ટર્સની એકીકૃત પ્રતિનિધિ સંસ્થા છે.
- લગભગ <u>250</u> ભારતીય ટેલિવિઝન ચેનલો તેની સાથે સંકળાયેલ છે.
- IBF ભારત પ્રસારણ ઉદ્યોગના પ્રવક્તા તરીકે કાર્ય કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે **(D)**

2. કયા દિવસે 'વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 27 મે (B) 28 મે (C) 29 મે (D) 30 મે **(C)**

3. 'આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ'ની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે ?

(A) 29 મે (B) 28 મે (C) 27 મે (D) 26 મે **(A)**

4. તાજેતરમાં બાંગ્લાદેશે કયા દેશના અર્થતંત્રને વેગ આપવા માટે 200 મિલિયન યુ.એસ.ડોલર મુદ્રા વિનિમય સુવિધાને મંજૂરી આપી છે ?

(A) પાકિસ્તાન (B) નેપાળ (C) મ્યાનમાર (D) શ્રીલંકા **(D)**

5. માનવાધિકારના ઉલ્લઘંન અંગે તાજેતરમાં કયા બે દેશના પ્રદેશો માટે સ્થાયી આયોગની રચના કરવામાં આવશે ?

(A) ઈઝરાયલ–જાપાન (B) ઈઝરાયલ–પેલેસ્ટાઈન

(C) નેપાળ–પાકિસ્તાન (D) ઈરાન–સિરીયા **(B)**

6. 'સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ' (UNHRC)ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?

(A) 2002 (B) 2006 (C) 2008 (D) 2010 **(B)**

7. તાજેતરમાં________નું નામ બદલીને IBDF રાખવામાં આવશે ?

(A) IBF (B) IREF (C) INMC (D) IDCF **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **ગુજરાતના મહાનગરોમાં 50 થી 100 માળની ઈમારતો બનાવી શકાશે.**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આઈકોનીક બિલ્ડીંગ સ્ટ્રકચર નિર્માણ અંગેના જાહેરનામાને અંતિમ અને ફાઈનલ મંજૂરી આપવામાં આવી છે. આ સાથે ગુજરાતમાં ગગનચુંબી આઈકોનિક બિલ્ડીંગ સ્ટ્રકચરના નિર્માણનો માર્ગ વધુ સરળ બન્યો છે. હવેથી ગુજરાતના પાંચ મહાનગરોમાં ગગનચુંબી ઈમારતો બનાવવાની મંજૂરી મળવા માંડશે. જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ અને ગાંધીનગરનો સમાવેશ થાય છે. દેશ અને વિશ્વના અન્ય શહેરોની સાથે ગુજરાતના શહેરો પણ પોતાની આગવી ઓળખ ધરાવતા હાઈરાઈઝડ આઈકોનીક સ્ટ્રકચર બાંધી શકશે. વર્તમાન નિયમો મુજબ 22-23 માળની બિલ્ડીંગના સ્થાને હવે 70 માળ સુધીની બિલ્ડીંગ સ્ટ્રકચરનું નિર્માણ થઈ શકશે.

➤ **સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના ફેઈઝ-2ના પ્રથમ તબ્બકાનું ખાતમૂર્હત**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સાબરમતિ રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના ફેઈઝ-2ના પ્રથમ તબ્બકાનું વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ઈ–ખાતમૂર્હત કરવામાં અવ્યું હતું. આ ફેઈઝ-2નો ડફનાળથી ઈન્દિરાબ્રિજ સુધીનો સંપૂર્ણ પ્રોજેક્ટ નદીના બંને કિનારે અંદાજિત રૂ. 850 કરોડ ખર્ચે નિર્માણ પામવાનો છે. રિવરફ્રન્ટ ફેઈઝ-2 માટે નદીમાં પાણી ભરેલું રહે તે ખુબ જ આવશ્યક હોઈ બેરેજ બ્રીજનું પણ આયોજન કરવામાં આવ્યું છે. બેરેજ બ્રીજ બનવાના કારણે શહેરના સાબરમતી, ચાંદખેડા, મોટેરા જેવા વિસ્તારોને હાંસોલ તથા એરપોર્ટ સાથે સીધી કનેક્ટીવીટી મળશે અને ટ્રાફિકની સમસ્યા પણ હળવી બનશે.

## ભારત

➤ **NMMS App અને Area Officer Monitoring App લોન્ચ કરવામાં આવી**

ગ્રામિણ વિકાસ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર દ્વારા 22 મે 2021ના રોજ 'National Mobile Monitoring Software' (NMMS) અને 'Area Officer Monitoring ' એપ્લિકેશન શરૂ કરી છે. આ એપ્લિકેશનો યોજનાઓની પારદર્શિતા લાવવા અને યોગ્ય દેખરેખ રાખવા માટેનું એક પગલું છે. NMMS એપ્લિકેશન મહાત્મા ગાંધી નરેગા કાર્યસ્થળો પર કાર્યકરોની રીઅલ ટાઈમ હાજરી નોંધવા માટે શરૂ કરવામાં આવી છે. તથા Area Officer Monitoring એપ્લિકેશન અધિકારીઓને તેમના તારણો ઓનલાઈન રેકોર્ડ કરવા માટે શરૂ કરવામાં આવી છે. તે ગ્રામિણ વિકાસ વિભાગ દ્વારા શરૂ કરાયેલી તમામ યોજનાઓ માટે ટાઈમ સ્ટેમ્પ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **બાયોમાસના ઉપયોગ પર સરકાર રાષ્ટ્રીય મિશન સ્થાપશે.**

કેન્દ્રીય વીજ મંત્રાલયે કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટોમાં 'બાયોમાસના ઉપયોગ પર રાષ્ટ્રીય મિશન' સ્થાપવાની જાહેરાત કરી છે. ઘઉં અને ચોખા જેવા પાક લઈ લીધા બાદ તેમના વધારાના છોડને ખેતરોમાં સળગાવવામાં આવે છે. અને તેનાથી થતા પ્રદુષણની સમસ્યા હલ કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ મિશન થર્મલ પાવર ઉત્પાદનના કાર્બન ફૂટપ્રિન્ટસ ઘટાડશે તથા તે દેશભારમાં ઉર્જા પરિવર્તન કરવામાં પણ મદદ કરશે. ઉર્જા મંત્રીની અધ્યક્ષતામાં એક સ્ટીઅરિંગ કમિટી દ્વારા આ મિશનનું નેતૃત્વ કરવામાં આવશે. જેમાં તમામ હોદેદારો, પેટ્રોલિયમ અને નવીન અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયના પ્રતિનિધિઓ પણ હશે.

➤ **ભારત અને ઈઝરાયલ દ્વારા કૃષિ ક્ષેત્રે સહયોગ માટે 3 વર્ષના કાર્યક્રમ પર હસ્તાક્ષર**

ભારત અને ઈઝરાયલે ત્રણ વર્ષના સંયુક્ત વર્ક પ્રોગ્રામ પર હસ્તાક્ષર કર્યા છે. જે વર્ષ 2023 સુધી ચાલુ રહેશે. આ સંયુક્ત કાર્યક્રમની શરૂઆત કૃષિ ક્ષેત્રે સહકાર વધારવાના હેતુથી કરવામાં આવી હતી. આ અગાઉ ભારત અને ઈઝરાયલે ચાર સમાન સંયુક્ત કાર્ય કાર્યક્રમો પણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. આ કાર્યક્રમ અંતર્ગત ભારતીય ખેડુતોને ઈઝરાયલની ખેતી અને પાણીની તકનીકીઓ વિશે જાગૃત કરવા માટે 13 શ્રેષ્ઠતાં કેન્દ્રો બનાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત આ કાર્યક્રમથી ચોખી આવકમાં વધારો થશે અને વ્યક્તિગત ખેડૂતનું જીવનનિર્વહ પણ વધશે. નોંધનીય છે કે ભારત અને ઈઝરાયલે વર્ષ 1993માં કૃષિ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધો શરૂ કર્યા હતા.

➤ **હરિયાણાના રાજ્યપાલે 'સંપતિના નુકસાનની વસૂલી અધિનિય'ની મંજૂરી આપી**

હરિયાણાના રાજ્યપાલ શ્રી એસ.એન.આર્ય એ 'સંપતિના નુકસાનની વસૂલી અધિનિયમ' (Haryana Recovery of Damages to Property Bill)ને મંજૂરી આપી છે. આ અધિનિયમ મુજબ લોકોની દુકાનો, મકાનો, સરકારી કચેરીઓ, બસો, વાહનો અને અન્ય જાહેર સંપતિને થતા નુકસાનની ભરપાઈ પ્રદર્શનકારી દ્વારા કરવામાં આવશે. તથા જાહેર વ્યવસ્થામાં ખલેલ ઉભી કરનાર વ્યક્તિ પાસેથી સંપતિને થતા નુકસાનની વસુલાત કરવામાં આવશે. આ અધિનિયમ પિડિતોને વળતરની ખાતરી આપે છે. હરિયાણા રાજ્ય સરકારે રાજ્યના કોઈપણ જાહેર કે ખાનગી સંપતિને સુરક્ષિત રાખવાની જવાબદારી રાજ્ય સરકારની છે એમ કહીને આ અધિનિયમને મંજૂરી આપી હતી.

➤ **નવા IT રૂલ્સના કારણે WhatsAapએ દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરી**

કેન્દ્ર સરકારના નવા આઈ.ટી નિયમોને લઈને સોશિયલ મેસેજિંગ એપ વોટ્સએપએ દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરી છે. વોટ્સએપએ કોર્ટમાં અપીલ કરી છે કે નવા ડિજિટલ નિયમો પર રોક લગાવવામાં આવે કારણ કે તે વોટ્સએપ યુઝર્સની પ્રાઈવેસી વિરુધ્ધ છે. વોટ્સએપ દ્વારા દાખલ અરજીમાં દાવો કરાયો છે કે નવા નિયમો અનુસાર અમારે એવા ફીચર ઉમેરવા પડશે કે જેનાથી વોટ્સએપમાં મેસેજ સૌપ્રથમ કોણે લખ્યો કે મોકલ્યો તેની જાણકારી મેળવી શકાય, વોટ્સએપએ જણાવ્યું હતું કે આ ફીચરનો ઉમેરો કરીશું તો યુઝર્શની પ્રાઈવેસી સમાપ્તી થઈ જશે અને ભારતના રાઈટ ટુ પ્રાઈવેસી કાયદાનો ભંગ પણ થશે. આ ઉપરાંત વોટ્સએપની એન્ડ ટુ એન્ડ એનક્રીટશન પોલિસી છે તેનો પણ ભંગ થશે.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

➤ **YUVA- 'Prime Minister's Scheme for Mentoring Young Auther' યોજના શરૂ કરવામાં આવી.**

તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે યુવા લેખકોને માર્ગ દર્શન આપવા માટે 'YUVA-Prime Minister's' યોજના શરૂ કરી છે. 'યુવા' એક લેખક માર્ગદર્શક કાર્યક્રમ છે જે 30 વર્ષથી ઓછી વયના યુવાન લેખકોને ભારતમાં ભારતમાં વાંચન, લેખક અને પુસ્તક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા તાલીમ આપશે. તે વિશ્વભરમાં ભારત અને ભારતીય લેખનો પણ પ્રદર્શન કરશે. YUVAનું પૂરું નામ 'Young Upcoming and Versatile Authors' છે. જાન્યુઆરી 2021માં વડાપ્રધાનશ્રી એ મન કી બાતમાં યુવા પેઢીને સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે લખવા હાકલ કરી હતી.

## વિશ્વ

➤ **એર ઈન્ડિયા સાયબર એટેક**

એર ઈન્ડિયાએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે ફેબ્રુઆરી 2021માં તેમના ડેટા પ્રોસેસર પર એક સાયબર એટેકમાં એર ઈન્ડિયાના ગ્રાહક ડેટા જેવા કે ક્રેડિટ કાર્ડ , પાસપોર્ટ અને ફોન નંબર લીક થયા હતા. આ સાયબર એટેકથી લગભગ 4.5 મિલિયન ગ્રાહકો પ્રભાવિત થયા છે. જેઓ 26 ઓગસ્ટ,2011 થી 3 ફેબ્રુઆરી 2021ની વચ્ચે નોંધાયેલા હતા. આ સાયબર અટેકમાં ગ્રાહકોના નામ, જન્મ તારીખ, સંપર્ક માહિતી અને ટિકિટની માહિતી પણ લીક થઈ હતી. આ 'ખૂબ જ અત્યાધુનિક' (Highly Sophilsticated) હુમલો હતો. આ એટેક જિનીવા સ્થિત યાત્રી પ્રણાલી ઓપરેટરને નિશાન બનાવ્યું હતું. જેને SITA તરીકે ઓળખવામાં આવે છે.

➤ **G7 દેશોએ ગ્લોબલ વોર્મિંગ સામેના પ્રયત્નો ઝડપી બનાવવા માટે સંકલ્પ કર્યો**

તાજેતરમાં G7 જૂથના પર્યાવરણ મંત્રીઓ યુનાઈટેડ કિંગ્ડમ દ્વારા આયોજિત બે દિવસીય વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન ગ્લોબલ વોર્મિંગ સામેના પ્રયત્નોને વેગ આપવા સંમત થયા હતા. નોંધનીય છે કે 47 મી G7 સમિટ યુનાઈટેડ કિંગ્ડમ (બ્રિટન)માં જૂન 2021માં યોજાશે. આ બેઠકમાં વર્ષ 2021ના અંત સુધીમાં નવા કોલસા આધારિત પાવર પ્લાન્ટ્સ માટે સરકારના સમર્થનને અટકાવવા પણ પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. આ ઉપરાંત જંગલોનો નાશ થતો અટકાવવો, વધારે પડતી માછીમારી અટકાવવી અને જૈવવિવિધતાને પ્રોત્સાહન આપવા માટે જરૂરી પગલાં લેવાનું વચન પણ આપ્યું હતું. Group of Seven (G7)એ આંતરરાષ્ટ્રીય ઈન્ટરગવર્નમેન્ટલ ઈકોનોમિક ઓર્ગેનાઈઝેશન છે. G7 ગ્રુપમાં વિશ્વની સાત એડવાન્સ ઈકોનોમી ઉપરાંત યુરોપિયન યુનિયનનો પણ સમાવેશ થાય છે. G7 દેશોમાં કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટલી, જાપાન, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.

➤ **શ્રી ગિલર્મો લાર્સો ઈક્વાડોર દેશના રાષ્ટ્રપતિ બન્યા**

શ્રી ગિલર્મો લાર્સોએ 24 મે 2021ના રોજ ઈક્વાડોરના રાષ્ટ્રપતિનું પદ ગ્રહણ કર્યુ છે. તેઓ 14 વર્ષ બાદ ઈક્વાડોરમાં 'Right Wing' રાષ્ટ્રપતિ બન્યા છે. Right Wing એટલે સામાજિક ફેરફારની તરફેણ ન કરતા હોય તેવા સભ્યોવાળા રાજકીય પક્ષનો ભાગ ઈક્વાડોર દક્ષિણ અમેરિકાનો પ્રજાસત્તાક દેશ છે. તે ઉત્તરમાં કોલોમ્બિયા, પૂર્વ અને દક્ષિણમાં પેરુ તથા પશ્ચિમમાં પેસિફિક મહાસાગરથી ઘેરાયેલ છે. પેસિફિકમાં આવેલ ગલાપાગોસ આઈલેન્ડ્સ પણ ઈક્વાડોરનો ભાગ છે. ઈક્વાડોરની રાજધાની ક્વિટો છે તથા સ્પેનીશ તેની ભાષા છે. નોંધનીય છે કે વર્તમાનમાં તે આર્થિક અને આરોગ્ય કટોકટીથી ઝઝૂમી રહ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **નાસા પૃથ્વી પ્રણાલી વેધશાળાની સ્થાપના કરશે.**

નાસાએ એક નવી ‘પૃથ્વી પ્રણાલી વેધશાળા’ (Earth System Observatory)ની સ્થાપના કરવાનો નિર્ણય લીધો છે. જે આબોહવા પરિવર્તન, જંગલની આગ અને વાવાઝોડાની અસરોને ઘટાડવામાં મદદ કરશે. આ ઉપરાંત વાસ્તવિક સમયની કૃષિને પણ ટેકો આપશે. આ વેધશાળાના દરેક ઉપગ્રહને વિશિષ્ટ રૂપે ડિઝાઈન કરવામાં આવશે. વર્તમાનમાં નાસાએ સંકલિત ભાગ માટે બાંધકામના તબ્બકાની શરૂઆત કરી છે. પૃથ્વી પ્રણાલી વેધશાળા નાસાનો એક પ્રોગ્રામ છે. જેમાં પૃથ્વીની કક્ષામાં કુત્રિમ ઉપગ્રહ મિશન અને વૈજ્ઞાનિક સાધનોની શ્રેણીનો સમાવેશ થાય છે.

➤ **પ્રસિધ્ધ લેખક શ્રી એરિક કાર્લેનું નિધન**

બાળકોના પ્રસિધ્ધ લેખક અને ચિત્રકાર શ્રી એરિક કાર્લેનું તાજેતરમાં 91 વર્ષની વયે નિધન થયું છે. શ્રી એરિક કર્લે અમેરિકન ડિઝાઈનર,ચિત્રકાર અને બાળકોના લેખક હતા. તેમણે એક પ્રખ્યાત ચિત્ર પુસ્તક ‘ધ વેરી હેંગ્રી કેટરપિલર’ લખ્યું હતું. આ પુસ્તકનું લગભગ 66 ભાષામાં ભાષાંતર કરવામાં આવ્યું છે. તેમનો જન્મ અમેરિકાના ન્યુયોર્ક ખાતે થયો હતો. અમેરિકન લાઈબ્રેરી એસોસિએશન દ્વારા તેમને ‘લૌરા ઈંગલ્સ વાઈલ્ડર મેડલ’ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **નાટો (NATO)નો ‘Steadfast Defender 21’ યુધ્ધ અભ્યાસ શરૂ થયો**

રશિયા સાથેના તણાવના કારણે North Atlantic Treaty Organization (NATO) યુરોપમાં ‘સ્ટેડફેસ્ટ ડિફેન્ડર 21’ યુધ્ધ અભ્યાસનું આયોજન કરી રહ્યું છે. આ યુધ્ધ અભ્યાસમાં નાટો સૈન્ય, યુધ્ધ જહાજો અને વિમાનો ભાગ લઈ રહ્યા છે. આ યુધ્ધ અભ્યાસ એટલાન્ટિક, યુરોપ અને કાળા સમુદ્રના ક્ષેત્રમાં થઈ રહ્યો છે. નાટોના સભ્યોમાંથી કોઈ એક પર હુમલો થાય છે ત્યારે બદલો લેવાના હેતુથી આ યુધ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત રશિયા દ્વારા યુક્રેન સાથે સરહદ વિસ્તારોમાં સૈનિકો મોકલવાના નિર્ણય બાદ આ યુદ્ધ અભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે.

## ICE ? Questions

- ➤ તાજેતરમાં કયા જૂથના સભ્ય દેશોએ ગ્લોબલ વોર્મિંગ સામેના પ્રયત્નો ઝડપી બનાવવા માટે સંકલ્પ કર્યો ? – **G7**
- ➤ 47મી G7 સમિટ કયા દેશમાં યોજાશે ? – યુનાઈટેડ કિંગ્ડમ
- ➤ તાજેતરમાં કઈ એરલાઈન્સે જાહેરાત કરી હતી કે તેના પ્રોસેસરમાં સાયબર એટેકના કારણે ગ્રાહકોના ડેટા લીક થયા છે ? – એર ઈન્ડિયા
- ➤ NMMS App અને Area Officer Monitoring App કોના દ્વારા લોન્ચ કરવામાં આવી ? – ગ્રામિણ વિકાસમંત્રી નરેન્દ્રસિંહ તોમર
- ➤ ભારત અને ઈઝરાયલ દ્વારા કૃષિ ક્ષેત્રે સહયોગ માટે ______વર્ષના કાર્યક્રમ પર હસ્તાક્ષર કર્યા. – 3
- ➤ ગુજરાતના મહાનગરોમાં હવે કેટલા માળની ઈમારતો બનાવી શકાશે ? – 50 થી 100
- ➤ તાજેતરમાં ઈક્વાડોર દેશના રાષ્ટ્રપતિ તરીકે કોણ ચૂંટાઈ આવ્યું છે ? – શ્રી ગિલર્મો લાર્સો
- ➤ કઈ સ્પેસ એજન્સી પૃથ્વી પ્રણાલી વેધશાળાની સ્થાપના કરશે ? – NASA
- ➤ તાજેતરમાં શ્રી એરિક કાર્લેનું નિધન થયું છે તે કયા દેશના જાણીતા લેખક અને ચિત્રકાર છે ? – અમેરિકા
- ➤ કયા રાજ્યના રાજ્યપાલે ‘સંપતિના નુકસાનની વસુલી અધિનિયમ’ની મંજૂરી આપી છે ? –હરિયાણા
- ➤ તાજેતરમાં શ્રી વિજયભાઈ રૂપાણીએ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના કેટલામાં ફેઈઝનું ખાતમૂર્હત કર્યુ છે ? – ફેઈઝ-2
- ➤ નવા IT નિયમોના કારણે કઈ મેસેજિંગ એપએ દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરી ? –WhatsApp
- ➤ તાજેતરમાં કોણે 'Steadfast Defender 21' નામનો યુધ્ધ અભ્યાસ શરૂ કર્યો છે ? –NATO
- ➤ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા યુવા લેખકોને માર્ગદર્શન આપવા કઈ યોજના શરૂ કરી છે ? –'YUVA'

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Question Of this Week

1. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે કોરોનાને કારણે અનાથ બાળકો માટે 'વાત્સલ્ય યોજના'ની જાહેરાત કરી છે ? – ઉત્તરાખંડ
(તાજેતરમાં ઉત્તરાખંડના મુખ્યમંત્રીશ્રી દ્વારા વાત્સલ્ય યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. આ યોજના એ અનાથ બાળકો માટે જાહેર કરવામાં આવી છે જેમણે કોવિડ-19ના કારણે તેમના માતા–પિતા ગુમાવ્યા છે. આ યોજનાની જોગવાઈ મુજબ લાભાર્થીને રૂ. 3000ની રકમ આપવામાં આવશે.)
2. તાજેતરમાં માઉન્ટો નિરાગોન્ગો નામના જ્વાળામુખીમાં વિસ્ફોટ થયો હતો. તે કયા દેશમાં સ્થિત છે ? – કોંગો ગણતંત્ર
3. અમેરિકાની કઈ ખેલાડીએ 'પાર્મા ઓપન'ની એક જ દિવસમાં સિંગલ અને ડબલ્સ ટ્રોફી જીતી હતી ? – સુશ્રી કોકો ગોફ
4. તાજેતરમાં કયા દેશમાં કેબલ કાર તુટી પડતા આઠ પ્રવાસીઓના મૃત્યુ થયા છે ? – ઈટાલી
5. કયા દેશમાં માઉન્ટેન મેરાથોન દરમિયાન બરફનું ભયાનક તોફાન આવતા 21 સ્પર્ધકોના મૃત્યું થયા હતા ? – ચીન
(ચીનના ગાંસૂ પ્રાંતના બૈયિન શહેર નજીક માઉન્ટેન મેરાથોન દરમિયાન હવામાનમાં પલટો આવતા 21 સ્પર્ધકોના મૃત્યુ થયા હતા.)
6. નાયરા એનર્જી દ્વારા નિર્મિત 100 બેડના કોવિડ કેર સેન્ટરનું કોના દ્વારા ઈ–લોકાર્પણ થયું છે ?
– શ્રી વિજયભાઈ રૂપાણી
7. ભારતનું કયું રાજ્ય નાણાકીય વર્ષ 2020-21માં 37% વિદેશી રોકાણ સાથે સતત ચોથા વર્ષ ટોચ પર રહ્યું છે ? – ગુજરાત
(ગુજરાત ઔદ્યોગિક રોકાણમાં વર્ષ 2020-21માં કુલ FDI માંથી 37% FDI મેળવી સતત ચોથા વર્ષે દેશભરના રાજ્યોમાં ટોચ પર રહ્યું છે. નોંધનીય છે કે દેશભરમાં કમ્પ્યુટર સોફ્ટવેર એન્ડ હાર્ડવેર ક્ષેત્રમાં આવેલા કુલ વિદેશી રોકાણનો 78 ટકા હિસ્સો એકલા ગુજરાતમાં છે.)
8. તાજેતરમાં કયા દેશની વેધશાળાએ ગામા કિરણોના સ્ત્રોતો શોધી કાઢયા છે ? – ચીન
9. તાજેતરમાં શ્રી પંડિત રેવા પ્રસાદ દ્વિવેદીનું નિધન થયું છે. તે કયાં ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – સંસ્કૃત
(તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જાણીતા સંસ્કૃત વિદ્વાન શ્રી પંડિત રેવા પ્રસાદ દ્વિવેદીના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેમનો જન્મ 22 ઓગસ્ટ, 1935ના રોજ મધ્યપ્રદેશ ખાતે થયો હતો. તેમને સંસ્કૃત ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપવા બદલ વિવિધ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.)
10. COVID-19 સંબંધિત 'સંજીવની પ્રોજેક્ટ' કયા રાજ્યમાં શરૂ કરવામાં આવ્યો ? – હરિયાણા
(આ પ્રોજેક્ટ ગ્રામીણ વિસ્તારોમાં તબીબી સંભાળને વિસ્તૃત કરવા માટે શરૂ કરવામાં આવ્યો છે.)
11. ભારતનું કયું રાજ્ય સક્કરીયા (Sweet Potato)ના ઉત્પાદનમાં અગ્રેસર છે ? – ઓડિશા
12. DIPCOVAN કઈ સંસ્થા દ્વારા બનાવવામાં એન્ટિબોડી ડિટેકશન આધારિત કીટ છે ? – DRDO
13. સ્પેનની પ્રસિધ્ધ ફુટબોલ ટુર્નામેન્ટ 'લા લીગા'માં કઈ ટીમ વિજેતા બની છે ? – એટલેટિકો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. ભારત અને યુનિસેફ દ્વારા યુવકોને કોવિડ સંકટથી પહોંચી વળવા માટે કયું અભિયાન શરૂ કર્યુ છે ?

– Yung Warrior

15. ભારતના કયા અભ્યારણ્યમાં ચિત્તાને લાવવામાં આવશે ? – કુનો નેશનલ પાર્ક, મધ્યપ્રદેશ

(વિશ્વનું સૌથી ઝડપી પ્રાણી ચિત્તાને ભારતમાં ફરીથી લાવવામાં આવશે. આ ચિત્તાને નવેમ્બર 2021માં મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્કમાં લાવવામાં આવશે.)

16. દિલ્હીમાં સાપની કેટલી નવી પ્રજાતી નોંધાઈ છે ? – 8

(દિલ્હી યુનિવર્સિટીના સંશોધનકારો દ્વારા પાંચ વર્ષના વિસ્તૃત અભ્યાસ પછી દિલ્હીમાં સાપની સૂચીમાં વધુ આઠ પ્રજાતિનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ આઠ પ્રજાતિઓના ઉમેરા સાથે દિલ્હીમાં સાપની પ્રજાતિઓની સંખ્યા વધીને 23 થઈ ગઈ છે.)

17. વર્ષ 2021નું પ્રથમ એન્ટલાનિટક ચક્રવાત કયું છે ? – એન્ના

18. તાજેતરમાં કયા રાજ્યની ‘શાહી લીચી’ (Shahi Litchi)ને હવાઈ માર્ગથી બ્રિટન નિકાસ કરવામાં આવી હતી ?

– બિહાર

(શાહી લીચી બિહારની કૃષિ પેદાશ છે. જેને વર્ષ 2018માં GI ટેગ મળ્યો હતો.)

19. શ્રી જેફ બેઝોસ પાછળ છોડી કોણ વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ બન્યા છે ? – શ્રી બર્નાડ આર્નોલ્ટ

20. જામનગરના વાલસુડા નેવી મથકમાં નવા કોમોડોર તરીકે કોણે ચાર્જ સંભાળ્યો છે ? – શ્રી ગૌતમ મારવાહા

21. તાજેતરમાં કઈ ફૂટબોલ ક્લબે ફ્રેન્ચ લીગ-1 નું ટાઈટલ જીત્યું છે ? – લિલી ફૂટબોલ ક્લબ

22. ઈન્ટરનેટ એક્સપ્લોરર ક્યારે બંધ થશે ? – જૂન 2022

(માઈક્રોસોફ્ટે તાજેતરમાં જાહેરાત કરી હતી કે વિન્ડોઝ-10ના કેટલાક સંસ્કરણો માટે ઈન્ટરનેટ એક્સપ્લોરર-11 ડેસ્કટોપ બ્રાઉઝર 15 જૂન 2022ના રોજ બંધ કરવામાં આવશે.)

23. કેન્દ્ર સરકારનું કયું મંત્રાલય ‘વન સ્ટોપ સેન્ટર’ની સ્થાપના કરશે ? – મહિલા અને બાળ વિકાસ મંત્રાલય

(ભારત સરકારના કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય 9 દેશોમાં 10 વન સ્ટોપ સેન્ટર સ્થાપશે. જેનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓ વિરુધ્ધ થતી હિંસાના કેસો અટકાવવાનો છે. આ નવ દેશમાં કુવૈત, ઓમાન, બહરીન, યુ.એ.ઈ, કતાર, કેનેડા, ઓસ્ટ્રોલિયા અને સિંગાપોરમાં એક–એક અને સાઉદી અરેબિયામાં બે વન સ્ટોપ સેન્ટર સ્થાપશે.)

24. બિન–સવાયત્ત પ્રદેશોના લોકો સાથે એકતાનું આંતરરાષ્ટ્રીય અઠવાડિયું ક્યારે યોજાયું હતું ? – 25 મે થી 31 મે,2021

25. પશુ રોગના જોખમ પર સલાહ આપવા માટે WHO દ્વારા કઈ પેનલની રચના કરવામાં આવી છે ? – One Health

26. તાજેતરમાં કયા રાજ્યમાં ભયંકર આફ્રિકન વાયોલેટ નામના છોડની નવી પ્રજાતિ શોધાઈ છે ? – મિઝોરમ

27. ‘ક્લાઈડ્સ સ્પોટ’ જે તાજેતરમાં સમાચારમાં રહ્યું છે. આ સ્થળ કયા ગ્રહમાં સ્થિત છે ? – ગુરૂ

28. કોવિડ-19 સારવારમાં વપરાયેલ ECMOનું પૂરું નામ શું છે ? – Extra Corporeal Membrance Oxygen

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

29. કેન્દ્રીય કેબિનેટે તાજેતરમાં માલદિવના કયા શહેરમાં મહાવાણિજ્યક દુતવાસને મંજૂરી આપી છે ? – એડુ

30. તાજેતરમાં કયા રાજ્યએ ‘સ્માર્ટ કિચન યોજના’ (Smart Kitchen Scheme)ની જાહેરાત કરી છે ? – કેરળ
(કેરળના મુખ્યમંત્રી શ્રી પિનરાય વિજયને ‘સ્માર્ટ કિચન યોજના’ના અમલીકરણ અંગે માર્ગદર્શિકા અને ભલામણો ઘડવા સચિવ સ્તરની સમિતિની જાહેરાત કરી હતી. આ યોજના 10 જૂલાઈ 2021 સુધીમાં શરૂ કરવામાં આવશે.)

31. તાજેતરમાં કોણે 'EHAT OPD Portal'નો પાંરભ કરાવ્યો છે ? – શ્રી રાજનાથસિંહ

32. ‘આયુષ ક્લિનિકલ કેસ રિપોઝિટરી’ પોર્ટલ કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે ? – કેન્દ્રીય મંત્રીશ્રી કિરેન રિજ્જુ
(કેન્દ્રય મંત્રી શ્રી કિરેન રિજ્જુએ 27 મે, 2021ના રોજ ‘આયુસ ક્લિનિકલ કેસ રિપોઝિટરી’ પોર્ટલનો પ્રારંભ કર્યો હતો. આ પોર્ટલ સાથે આયુષ સંજીવની એપનું ત્રીજું વર્ઝન પણ લોન્ચ કરવામાં આવ્યું હતું.)

33. ભારતે કૃષિ સહયોગ માટે કયા દેશ સાથે ત્રણ વર્ષના કાર્યક્રમ પર હસ્તાક્ષર કર્યા છે ? – ઈઝરાયલ

34. તાજેતરમાં ભારતની કઈ યુનિવર્સિટીએ ‘સ્માર્ટ વિન્ડો મટિરીયલ’ વિકસાવી છે ? – IIT ગુવાહાટી

35. તાજેતરમાં યુરોપિયન યુનિયને કયા દેશમાં વિમાનો અને હવાઈ ક્ષેત્રે પ્રતિબંધો લગાવ્યા છે ? – બેલારુસ

36. પ્રાણીઓમાંથી માણસોમાં રોગોના ફેલાવવાને રોકવા માટે WHO અને તેના ભાગીદારો દ્વારા સ્થાપિત પેનલનું નામ શું છે ? – One Health Panel

37. સુચિબધ્ધ કંપનીઓનું ‘ફોરેન્સિક ઓડિટ’ કરવા માટે કઈ સંસ્થા ઓડિટર્સની નિમણૂક કરશે ? – SEBI

38. તાજેતરમાં શ્રી પેન્પા તરસીંગ કયા દેશના રાષ્ટ્રપતિ બન્યા છે ? – તિબેટ

39. Spacex એ કેટલા સ્ટારલિન્ક બ્રોડબેન્ડ ઉપગ્રહ લોન્ચ કર્યા ? – 60
(એલોન મસ્કની એરોસ્પેસ કંપની સ્પેસએક્સે ફાલ્કન 9 ફર્સ્ટ સ્ટેજ બૂસ્ટર સાથે 60 સ્ટારલિંક બ્રોડબેન્ડ ઉપગ્રહોને ભ્રમણા કક્ષામાં લોન્ચ કર્યા છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

40. ભારતના કયા બોક્સરે ‘એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપ’માં સતત પાંચમો ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ સર્જ્યો છે ? – શ્રી શિવ થપ્પા

41. તાજેતરમાં કઈ ટીમે 98 વર્ષમાં પ્રથમ વખત યુરોપા ફૂટબોલ લીગનું ટાઈટલ જીત્યું ? – વિલા રિયલ

42. હાલમાં ચર્ચામાં રહેલ ટાઈગ્રે (Tigray) કયા દેશનું શહેર છે ? – ઈથિયોપિયા
(સંયુક્ત રાષ્ટ્રએ ચેતવણી આપી છે કે ઈથિયોપિયાના યુધ્ધગ્રસ્ત ટાઈગ્રે વિસ્તારમાં દુષ્કાળને રોકવા માટે તાકીદના પગલા લેવાની જરૂર છે.)

43. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'Prevention of Anti-Social Activities Act' (PASA) કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં રજૂ કરવામાં આવશે ? – લક્ષદ્રીપ

44. સંરક્ષણ સચિવ ડો અજય કુમારે NCC કેડેટને આધાર માહિતી અને તાલીમ સામગ્રી પ્રદાન કરવા માટે કઈ એપ્લિકેશન લોન્ચ કરી છે ? – DG NCC Mobile Traning App 2.0

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT